૭. ૪૭૩

# આદર્શ દેવ

[ સુદેવનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ
જ્ઞાન દર્શન ચારિત્ર
ગ્રંથમાળા
વડોદરા. ગુજરાત.

પુષ્પ : ૪ :

ધર્મબોધ ગ્રંથમાળા—પુષ્પ ચોથું.

# આદર્શ દેવ

## [ સુદેવનું સ્વરૂપ ]

: લેખક :

શ્રી ધીરજલાલ ટોકરસી શાહ.

卐

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી—લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વડફળીઆ—વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાળા
રાવપુરા–વડોદરા.

આવૃત્તિ પહેલી.
પહેલી વાર
દસ આના
વિ. સં. ૨૦૦૭ અક્ષયતૃતીયા.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવનગર.

# વિષયાનુક્રમ.


૧ સત્યાસત્યનો નિર્ણય.

૨ 'સત્યં શિવં સુન્દરમ્'

૩ સદાચારનો પાયો સત્ય છે.

૪ સત્ય કેમ સમજાતું નથી?

૫ દુષ્ટતા ઉપર લુબ્ધકનું દૃષ્ટાંત.

૬ મૂઢતા ઉપર ભૂતમતિનું દૃષ્ટાંત.

૭ કદાગ્રહ ઉપર અંધ રાજકુમારનું દૃષ્ટાંત.

૮ પક્ષપાત ઉપર સુભટનું દૃષ્ટાંત.

૯ તત્ત્વની પરીક્ષા.

૧૦ બોધિરત્ન.

૧૧ સમ્યક્ત્વનું મહત્ત્વ.

૧૨ સમ્યક્ત્વનો અર્થ દેવ, ગુરુ અને ધર્મનો સત્ય નિર્ણય.

૧૩ દેવના પર્યાય શબ્દો.

૧૪ દેવ અથવા ઇશ્વર સર્વ પ્રવૃત્તિઓનો સંચાલક હોઇ શકે નહિ.

૧૫ ઇશ્વર મોટો કે શેતાન?

૧૬ જગતનું સંચાલન શાથી થાય છે?

૧૭ જગત અનાદિ—અનંત છે.

૧૮ ઇશ્વર જગતનો સંહારક હોઇ શકે નહિ.

૧૯ આપણાં સુખ-દુઃખનો આધાર આપણાં કર્મો ઉપર છે.
૨૦ પાપોની માફી આપવાનું કામ ઇશ્વરનું નથી.
૨૧ ચિત્ર-વિચિત્ર પ્રાર્થનાઓ.
૨૨ કૂત્રાના દેડકાનું દૃષ્ટાંત.
૨૩ ઢેડના પંચનું દૃષ્ટાંત.
૨૪ ઇશ્વર સંબંધી પશુઓમાં થયેલા વાદવિવાદ.
૨૫ ઇશ્વર તો આદર્શ જ હોવો જોઇએ.
૨૬ અવતારની કલ્પના અસંગત છે.
૨૭ પુરાણોએ રજૂ કરેલી બ્રહ્માજીની વાત.
૨૮ આદર્શદેવ.
૨૯ આદર્શ દેવનાં નામો.
૩૦ આદર્શ દેવની સ્થાપના.
૩૧ આદર્શ દેવનું દ્રવ્ય અને ભાવસ્વરૂપ.

# ૧

# આદર્શ દેવ

## ૧. સત્યાસત્યનો નિર્ણય.

હીરા–મોતી ખરીદવાં હોય તો તેની ઝીણવટભરી પરીક્ષા કરવામાં આવે છે. સોનું ખરીદવું હોય તો તેને કાળજીપૂર્વક કસોટી પર ચડાવવામાં આવે છે. વસ્ત્રો ખરીદવાં હોય તો તેનાં રૂપ, રંગ, પોત અને પના પર વિચારણા કરવામાં આવે છે. અરે ! ટકાની તોલડી લેવી હોય તો તેને પણ ટકોરા મારીને તપાસવામાં આવે છે; તો જેના ઉપર જીવનની સર્વ સફલતાનો આધાર છે, તેવાં ધાર્મિક મંતવ્યોની પરીક્ષા, કસોટી, વિચારણા કે તપાસ કરવી ઘટે કે નહિ ?

સુજ્ઞ પુરુષોનો સ્પષ્ટ અભિપ્રાય છે કે–ભમરો જેમ ફૂલની અંદર રહેલા મધને ચૂસી લે છે, તેમ બુદ્ધિમાન મનુષ્યોએ ભિન્નભિન્ન વિચારણાઓ અને ભિન્નભિન્ન મંતવ્યોમાંથી તત્ત્વને તારવી લેવું જોઈએ.

તત્ત્વને તારવવા માટે સત્ય અને અસત્યનો નિર્ણય કરવાની જરૂર રહે છે, તેથી જ કોઈ કવિએ કહ્યું છે કે:—

સાચ-જૂઠ નિર્ણય કરે, નીતિનિપુણ જે હોય;
રાજહંસ વિણ કો કરે, ક્ષીર-નીરને દોય ?

ભેગાં થઈ ગયેલાં દૂધ અને પાણીને જુદાં પાડવાનું કામ તો રાજહંસ હોય તે જ કરી શકે છે, પણ બગલા, બતકડાં, કાગડા કે કૂકડા જેવા અન્ય પક્ષીઓ કરી શકતા નથી. તે જ રીતે ભેગાં થઈ ગયેલાં સાચાં અને ખોટાં તત્ત્વોને જુદા પાડવાનું કામ જેઓ નીતિનિપુણ, વ્યવહારદક્ષ કે વ્યવહારકુશલ હોય છે, તેઓ જ કરી શકે છે. પણ નીતિમંદ, વ્યવહારશૂન્ય કે વિવેકહીન કરી શકતા નથી. તાત્પર્ય કે સત્યાસત્યનો નિર્ણય કરવો એ જ સાચી બુદ્ધિમત્તા છે.

## ૨. 'સત્યં શિવં સુંદરમ્'

ધર્મ અને તેનાં ભિન્નભિન્ન અંગો પરત્વે આપણે જે મંતવ્યો ધરાવીએ છીએ, તે કેટલાં અંશે સાચાં છે? કેટલા અંશે સંગત છે? અથવા કેટલા ઉચિત, યોગ્ય કે વ્યાજબી છે? તેની સંપૂર્ણ તપાસ થવી ઘટે છે. જ્યાં સુધી આ પ્રકારની તપાસ કરીને યોગ્ય નિર્ણય પર અવાય નહિ ત્યાંસુધી જીવનને લગતું **दृष्टिबिंदु सम्यक्** થવાનો સંભવ નથી. પરિણામે જ્ઞાન પાંગળું રહેવાનું, ક્રિયાઓ નિઃસત્ત્વ બનવાની અને સકલ દુઃખોનો અંત કરવાની આશા અધૂરી જ રહેવાની. તેથી વ્યાજબી એ છે કે પ્રથમ ધર્મવિષયક મંતવ્યોને પૂરેપૂરાં તપાસવા અને તેમાં જે મંતવ્યો, યુક્તિયુક્ત, પ્રમાણપુરસ્સર,

પૂરતાં વ્યાજબી કે યથાતથ્ય જણાય તેનો સપ્રેમ સ્વીકાર કરવો અને તેથી વિરુદ્ધ જણાય તેનો બેધડક ત્યાગ કરવો. પરંતુ આવું પગલું અંતરમાં સત્યની જિજ્ઞાસા જાગ્યા વિના, સત્યની રુચિ પ્રકટ્યા વિના કે સત્ય માટે દૃઢ આગ્રહ પેદા થયા વિના ભરાતું નથી. તેથી જ સુજ્ઞ મહર્ષિઓએ જાહેર કર્યું છે કે '**सत्यं शिवं सुन्दरम् ।**' હે મનુષ્યો! સત્ય તમને દેખીતું ગમે તેવું કડવું કે અપ્રિય લાગતું હોય છતાં તે મંગલમય અને કલ્યાણમય એટલે **શિવ** છે તથા પરિણામે અમૃતફલની જેમ હિતકર હોવાથી **सुन्दर** પણ છે.

## ૩. સદાચારનો પાયો સત્ય છે.

નિર્ગ્રંથ મહર્ષિઓએ સત્યનું મહત્ત્વ બતાવતાં સ્પષ્ટ જણાવ્યું છે કે '**पुरिसा ! सच्चमेव समभिजाणाहि**' 'હે પુરુષ! તું સત્યને જ સારી રીતે સમજી લે, કારણ કે '**सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ ।**' 'સત્યની આજ્ઞામાં સ્થિર થયેલો બુદ્ધિમાન પુરુષ સંસારને તરી જાય છે.' વળી આચારાંગ સૂત્રમાં તેમણે પ્રકટ ઘોષણા કરી છે કે 'સત્યોપાસના એ મુનિપણું છે અને મુનિપણું એ સત્યોપાસના છે.' તાત્પર્ય કે સદાચારની આખી ઈમારતનો મૂળ પાયો સત્ય છે.

## ૪. સત્ય કેમ સમજાતું નથી?

સત્ય નહિ સમજાવાનાં મુખ્ય કારણો ચાર છે. (૧) દુષ્ટતા અથવા દયાનો અભાવ (૨) મૂઢતા અથવા વિવેકનો અભાવ (૩) કદાગ્રહ અથવા સરલતાનો અભાવ અને (૪) પક્ષપાત અથવા ન્યાયનો અભાવ. બીજી રીતે કહીએ તો દુષ્ટતા, મૂઢતા,

કદાગ્રહ અને પક્ષપાત-એ સત્યશોધન કે સત્યાસત્યના નિર્ણય-માં મહાન અંતરાયો છે કે જેને વટાવ્યા સિવાય કોઇ પણ મુમુક્ષુ સત્યનો સાક્ષાત્કાર કરી શકતો નથી. આ વાતની વિશેષ પ્રતીતિ નીચેનાં દૃષ્ટાંતો પર વિચાર કરવાથી થઇ શકશે:

## ૫. દુષ્ટતા ઉપર લુબ્ધકનું દૃષ્ટાંત.

નરપતિ રાજાને લુબ્ધક નામનો એક સેવક હતો. તે ઘણો જ સ્વાર્થી, અભિમાની અને અદેખો હતો, તેથી કોઇ પણ માણસનું સારું તેનાથી જોઈ શકાતું નહિ. જો તેને એમ ખબર પડે કે અમુક માણસને વેપાર-રોજગારમાં બે પૈસાની બરકત થઈ છે, અથવા અમુક માણસે ઘણું ધન ખરચીને મેડી-માળવા-માં મનોહર મકાનો બનાવ્યાં છે અથવા અમુક માણસ પાંચ જણમાં સારી રીતે પૂછાતો થયો છે, તો તરત જ તેની નજરમાં તે આવી જતો અને જ્યારે તે કોઇ ને કોઇ ઉપાયે તેને વાંક-ગુનામાં લાવીને દંડાવતો, ત્યારે જ તેના સંતપ્ત હૃદયને શાંતિ થતી.

લુબ્ધકની આ ટેવ સુધારવાને માટે સગાંવહાલાં તથા ભાઈબંધ-દોસ્તોએ ઘણી મહેનત કરી અને સાધુસંતને બોલાવી તેમની પાસે પણ સુંદર ઉપદેશ અપાવ્યો, પરંતુ મચ્છના દેહની દુર્ગંધી ટળે, શ્વાનની પૂંછડી સીધી થાય કે કાજળ પોતાનો કૃષ્ણ રંગ છોડી દે, તો જ દુષ્ટ પોતાની દુષ્ટતા છોડે; એટલે તેમનું કાંઇ પણ વળ્યું નહિ.

લુબ્ધક જીભનો મીઠો હતો કે જેવા મીઠા લગભગ બધા દુષ્ટો હોય છે. તેથી જ કોઈ કવિએ કહ્યું છે કે—

અહો હૈયું ! દુર્જનતણું, દીસે રાતું બોર;
ઉપરથી રળિયામણું, ભીતર કઠિન કઠોર.

મીઠાબોલા માનવી સહુને ગમે છે. ખાસ કરીને શ્રીમંતો તથા રાજાઓને તે વધારે ગમે છે. તેથી લુબ્ધકનો દરજ્જો દિનપ્રતિદિન વધતો ગયો અને એક દિવસ એવો આવ્યો કે જ્યારે આખા રાજ્યમાં તેનું જ ચડી વાગ્યું. આ સંયોગોમાં તેની મહેરબાની મેળવવા માટે કે તેના ખોફમાંથી બચવા માટે અનેક ધનવાન, અનેક આબરૂદારો તથા અનેક ગરજૂઓ તેને 'સાહેબજી સલામ!' કરવા લાગ્યા અને એક યા બીજા બહાને ભેટ–સોગાદના રૂપમાં લાંચ–રૂશ્વત આપવા લાગ્યા.

લુબ્ધકને ધર્મ કે કર્મમાં શ્રદ્ધા ન હતી, સદાચાર અને સુનીતિમાં વિશ્વાસ ન હતો, તેમજ પરભવનો કોઈ પણ પ્રકારનો ડર ન હતો, તેથી આ પ્રકારની આવકનો તેણે સત્કાર કર્યો અને દોલતનો ગંજ એકઠો કર્યો.

હવે તેની હદમાં તેના જ ગામમાં **તુંગભદ્ર** નામનો એક કણબી રહેતો હતો કે જે ઘણો માલદાર અને ઘણો જોરાવર હતો. તે સાધુ–સંતોને દાન આપતો, ભગત–ભિખારીઓને પોતાને ત્યાં જમાડતો અને ગરીબ–ગરબાંને અન્ન–વસ્ત્ર તથા ઔષધની મદદ કરતો. આ કારણે સહુ તેને ભગતના માનભર્યા નામથી ઓળખતા હતા અને તેનું ઘણું સન્માન કરતા હતા. આ જોઈને લુબ્ધકનું હૃદય ભારે વ્યથા અનુભવવા લાગ્યું: 'માળો પટેલ! જે બળદનાં પૂંછડાં આંબળનારો ગણાય તે પાંચ–પચીશ ભગત–ભિખારીઓને રોટલાના ટૂકડા ફેંકીને મોટો

દાનેશ્વરી થઈ બેઠો છે અને મને તો સલામ ભરવા પણ આવતો નથી! હું યે તેને કરી દેખાડું કે અભિમાનથી આંખો ઓડચે આવે છે, તેનું પરિણામ શું આવે છે!' અને લુબ્ધકે પોતાની પુરાણી આદત મુજબ તેને વાંક-ગુનામાં લાવવા માટે એક તાગડો રચ્યો, પણ ચતુર તુંગભદ્ર તેમાં ફસાયો નહિ. આથી વધારે ચીડાઇને લુબ્ધકે બીજો તાગડો રચ્યો પરંતુ તે પણ નિષ્ફળ ગયો. સદ્બુદ્ધિનો ધણી તુંગભદ્ર તેમાં સપડાયો નહિ. એટલે લુબ્ધકે ત્રીજો તાગડો રચ્યો છતાં તે ફાવ્યો નહિ. પુણ્યશાળી તુંગભદ્ર તેમાંથી આબાદ બચી ગયો.

પોતાના દાવ ઉપરા-ઉપરી નિષ્ફળ ગયેલા જોઇને લુબ્ધકને ખૂબ લાગી આવ્યું અને તુંગભદ્રને તારાજ કરવા માટે તે કોઈ નવી જ યુક્તિ ખોળવા લાગ્યો. પરંતુ તે ભૂલી ગયો કે ' માપવાનો ગજ મનુષ્યના હાથમાં છે, તો કાતરનો કાબૂ કુદરતના હાથમાં છે ' એટલે પુણ્યશાળીને પાયમાલ કરવા માટે ગમે તેવા કુટિલ કારસ્થાનો કરવામાં આવે તે બધા જ બેકાર અને નિષ્ફળ છે.

તુંગભદ્ર કોઇ પણ પ્રકારના વાંક-ગુનામાં આવે તે પહેલાં લુબ્ધક બિમાર પડી ગયો અને તેની એ બિમારી દિન-પ્રતિદિન વધતી જ ચાલી. એ બિમારીમાંથી બચવા માટે તેણે સારા સારા વૈદ્ય-હકીમનો આશ્રય લીધો પણ તૂટીની બૂટી હજી સુધી કોઇ પણ વૈદ્ય-હકીમને મળેલી નથી, એટલે લુબ્ધકને આ જગતમાંથી વિદાય લેવાનો વખત આવ્યો.

મૃત્યુનો સમય સામાન્ય રીતે અતિ ગંભીર ગણાય છે, કારણ કે એ વખતે મનુષ્યની સમક્ષ તેના સમસ્ત જીવનનો

ચિતાર ખડો થાય છે અને આ જગતમાં જન્મીને તે પોતાની સાથે શું લઇ જાય છે, તેનો વિચાર તેને આવવા લાગે છે. તેમાં જેઓનું જમા-પાસું દાન, દયા, પરોપકાર અને પુણ્ય કાર્યોવડે જોરાવર હોય છે, તેમાં અફસોસ કે અરેકારો થતો નથી પણ કોઠે એક જાતની ટાઢક જણાય છે; જ્યારે અન્યાય, અનીતિ અને અધર્મનું આચરણ કરવાવડે જેણે ઉધાર બાજુને જ વધારી હોય છે, તેના હૃદયમાં અફસોસ અને અરેકારની આંધી જામે છે. 'અરેરે! લક્ષ્મી અને લલનાની લાલચમાં અમે ભૂલ્યા ભમ્યા, સત્તા અને સાહેબીના શોખે અમને પાગલ બનાવ્યા, અભિમાન અને અક્કડાઈએ અમારો પિછો ન છોડયો. પરિણામે અમે ખાલી હાથે જઈ રહ્યા છીએ. અમને અમૂલ્ય માનવદેહ મળ્યો, પણ તેનો ઉપયોગ ભોગ-વિલાસમાં કર્યો. અપૂર્વ બુદ્ધિ-શક્તિ મળી પણ તેનો ઉપયોગ કૂડ-કપટ, દગા-ફટકા અને વિશ્વાસઘાત કરવામાં કર્યો. એ વખતે અમને જરા પણ વિચાર ન આવ્યો કે અમે શું કરી રહ્યા છીએ અને કયાં જઈ રહ્યા છીએ? હવે શું થાય? જો એ વખતે અમે અમારી બુદ્ધિનો સોમો ભાગ પણ જીવનની વિચારણા કરવામાં વાપર્યો હોત, તો કંઈ પણ ભાથું સાથે બાંધી શકત.' જો કે આ પ્રકારના અફસોસ અને અરેકાર રાંડયા પછીના ડહાપણ જેવા હોય છે, તો પણ તેમાં નિંદા અને પશ્ચાત્તાપનો અંશ હોવાથી પાપનો ભાર અમુક પ્રમાણમાં હલકો થાય છે અને તેમને કાંઈક આશાયેશ મળે છે, પરંતુ કેટલાક મનુષ્યો દુષ્ટતામાં એટલે ઊંડાં દટાઇ ગયા હોય છે કે તેમને આખર વેળાએ પણ સન્મતિ સૂઝતી નથી કે પોતાના કુકર્મોનો પશ્ચા-

ત્તાપ થતો નથી, પરંતુ પોતાના પુરાણા પાપોને પૂરા કરવાની જ ઝંખના રહે છે અને તેથી એક પ્રકારની ઊંડી અકળામણ અનુભવતા આ જગત્‌ને છેલ્લી સલામ ભરે છે.

લુબ્ધકનું પણ તેમજ થયું. તે એક પ્રકારની ઊંડી અકળામણ અનુભવવા લાગ્યો. તે જોઇને તેના પુત્રોએ કહ્યું: 'હે પિતાજી! આપ આટલા બધા કેમ અકળાઓ છો? જો આપની કોઇ ઇચ્છા અધૂરી રહી હોય તો અમને સુખેથી જણાવો. તે અમે પૂરી પાડશું. આપ કહો તો વીશ પચીશ કે પચાશ ગાયો શણગારીને તેનું બ્રાહ્મણોને દાન કરીએ, જેથી આપને વૈતરણી નદી પાર કરવામાં સુગમતા પડે. અથવા જણાવો તો સુંદર શય્યાનું બ્રાહ્મણોને દાન આપીએ, જેથી આપને સ્વર્ગમાં સુખભરી નિદ્રા આવે, અથવા આપની ઇચ્છા હોય તો આપને રૂપીઆથી તોળીએ અને તે રૂપીયા બ્રાહ્મણોને વહેંચી દઇએ, જેથી પુણ્યનું ભાથું બંધાય અને આપનો આત્મા શાંતિમાં રહે.'

તે સાંભળીને લુબ્ધકે કહ્યું: 'મારે ધર્મ કે દાન-પુણ્યની કોઇ જરૂર નથી પરંતુ એક જ વસ્તુની જરૂર છે અને તે એ કે મારી જિંદગીમાં મેં જેને જેને નજરમાં લીધા હતા, તે સઘળાનો કોઇ ને કોઈ પ્રકારે દંડ કરાવ્યો છે, પણ એક તુંગભદ્ર પટેલ તેમાંથી છટકી જવા પામ્યો છે, માટે તેનો દંડ થાય તેવો કોઈ ઉપાય કરો.'

પુત્રોએ કહ્યું: 'પિતાજી! એવી વાત ન કરો. અત્યારે તો રામનું નામ લ્યો અને દાન પુણ્યની વાત કરો કે તમારા

જીવનની ગતિ થાય.' પરંતુ એ શબ્દોએ લુબ્ધકના અતિ કઠોર હૃદય પર જરા પણ અસર કરી નહિ. ઊલટું તે કહેવા લાગ્યો કે 'જો તમે મારા સાચા પુત્ર હો, તો મારી છેલ્લી ઇચ્છા પૂરી કરો.'

પિતાની આ જાતની હઠથી કાયર થઇને પુત્રોએ તે વાત કબૂલ કરી, ત્યારે લુબ્ધકે કહ્યું કે, 'આ કાર્ય પાર પાડવાને જે ઉપાય હું તમને બતાવું તેમ જ કરજો પણ અન્ય રીતે વર્તશો નહિ. જુઓ, હું મરી જાઉં એટલે મારી પાછળ કોઇ પણ રડશો નહિ. જો રડો તો તમને મારા સોગન છે. પછી મારા મડદાંને ગુપચુપ તુંગભદ્રના ખેતરમાં લઇ જજો અને તેણે જ મને મારી નાખ્યો છે એવી બૂમરાણ મચાવજો, એટલે રાજના સૈનિકો તેને પકડી જશે અને તેના પર કામ ચલાવીને તેને શિક્ષા કરશે.'

પુત્રોએ તે મુજબ કરવાની કબુલાત આપી એટલે લુબ્ધકના જીવે ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો. પછી પુત્રોએ શું કર્યું અને તેનું પરિણામ શું આવ્યું તે કહેવાની જરૂર નથી, કારણ કે એક દુષ્ટાત્માની દુષ્ટતા કેટલી હોય છે, તે બતાવવાનો જ અહીં મુખ્ય ઉદ્દેશ છે.

સુજ્ઞ પાઠકો સમજી ગયા હશે કે રાત્રિદિવસ દુષ્ટતામાં જ રાચનારને પોતાનાં મંતવ્યો તપાસવા માટેની બુદ્ધિ જ ઉત્પન્ન થતી નથી અને કોઈ કારણવશાત્ તેમ થાય તો પણ તેમાં સત્ય શું છે? તે સમજવા જેટલી સરલતા કે નિષ્પક્ષપાતતા તેનામાં હોતી નથી, તેથી દુષ્ટતાનો ત્યાગ કરવો એ સત્ય શોધનની પહેલી આવશ્યકતા છે.

## ૬. મૂઢતા ઉપર ભૂતમતિનું દષ્ટાંત.

કંઠાપુર ગામમાં ભૂતમતિ નામનો એક બ્રાહ્મણ હતો. તે કાશીએ જઈને વિદ્યાભ્યાસ કરી આવ્યો હતો, પણ ધનહીન હોવાથી મોટી ઉંમર સુધી લગ્ન કરવાને શક્તિમાન થયો ન હતો. સંસારના વ્યવહારમાં લગ્નજીવન એક આદર્શ જીવન ગણાય છે અને સુશીલ તથા સુરૂપા પત્ની મેળવનારો ભાગ્યશાળી ગણાય છે. કહ્યું છે કે:—

પુણ્યે પામે પદ્મિની, ત્યમ ગુણવંતી નાર;
શીલવતી ને સુંદરી, રૂમઝુમ કરતી બાર.

તેથી ભૂતમતિ પોતાને ભાગ્યહીન માનતો એક નાની સરખી પાઠશાળા ચલાવીને પોતાનું જીવન જેમ તેમ પૂરું કરતો હતો. આખરે એક દિવસ તેણે પોતાના હૃદયની આ વ્યથા કેટલાક સહૃદય યજમાનોને કહી, એટલે તે ભલા યજમાનોએ કેટલુંક ધન ખર્ચીને તેને યજ્ઞદત્તા નામની એક સુંદર બ્રાહ્મણ-કન્યા સાથે પરણાવ્યો તથા તેનો ગૃહ-વ્યવહાર સુખપૂર્વક ચાલે તે માટે થોડું ધન દક્ષિણામાં પણ આપ્યું. અનુક્રમે તે ભૂતમતિને યજ્ઞદત્તા પર અત્યંત અનુરાગ ઉત્પન્ન થયો. કહ્યું છે કે:—

બંધન જેવું પ્રેમનું, બીજું નહિ જગમાંય;
ભમરો કોરે કાષ્ઠને, છેદી ન પદ્મ* શકાય.

ભૂતમતિ પાસે કેટલાક વિદ્યાર્થીઓ બહારગામથી પણ

---

* જે ભ્રમર લાકડાને કોરી ખાવાની તાકાત ધરાવે છે તે પદ્મ એટલે કમળનાં પાંદડાને ભેદી શકતો નથી એવું કમળના પ્રેમનું તેને બંધન હોય છે.

વિદ્યાભ્યાસ કરવાને આવતા હતા. તેમાં એક દિવસ દેવદત્ત નામનો કોઇ વિદ્યાર્થી તેની પાસે વિદ્યાભ્યાસ કરવાને આવ્યો, તેણે હાથ જોડીને ભૂતમતિને વિનંતિ કરી કે 'આપની ખ્યાતિ સાંભળીને દૂરથી આવું છું. મારી પાસે ખાસ સાધન કાંઇ પણ નથી, તેથી કૃપા કરીને આશ્રય તથા વિદ્યાદાન આપો. તે માટે હું આપનો જીવનભર આભાર માનીશ.' દેવદત્તનાં આ પ્રકારનાં વિનય અને વિવેકથી ભરેલાં વચનો સાંભળીને ભૂતમતિએ તેને પોતાના ઘરમાં ખાવા-પીવાની સગવડ કરી આપી તથા સુઇ રહેવા માટે ઘરની બહારનો ઓટલો કાઢી આપ્યો.

દેવદત્ત બુદ્ધિ અને સ્મરણશક્તિમાં તેજ હતો, તેથી થોડા જ વખતમાં સુંદર પ્રગતિ કરી શકયો અને ભૂતમતિના ચારે હાથ તેના પર રહેવા લાગ્યા. એમ કરતાં એક દિવસે તે કુટુંબના માણસ જેવો જ બની ગયો.

ભૂતમતિ ગમે તેવો પણ ઘરડો હતો અને યજ્ઞદત્તા ગમે તેવી પણ નવયૌવના હતી, એટલે તેનું મન કોઇ પણ રીતે ભૂતમતિથી પૂરું ભરાતું ન હતું. આથી ધીમે ધીમે તેણે દેવદત્તની સાથેનો પરિચય વધાર્યો અને તેની સાથે ટોળ-ટીખળ કરવા લાગી. દેવદત્તને હજી દુનિયાનો વા વાયો ન હતો એટલે આ પ્રકારની ટોળ-ટીખળને તે નિર્દોષ રમૂજનું સાધન સમજતો હતો.

એવામાં એક દિવસ ભૂતમતિને મથુરાનગરીથી યજ્ઞમાં જવા માટેનું તેડું આવ્યું. આ યજ્ઞ ઘણો મોટો થવાનો હતો અને તેમાં ભાગ લેવાથી પ્રતિષ્ઠા સાથે પૈસાની પ્રાપ્તિ પણ થાય તેમ હતી; તેથી ભૂતમતિએ એ આમંત્રણનો સ્વીકાર કર્યો

અને મથુરા જવાની તૈયારી કરી. જતી વખતે તેણે યજ્ઞદત્તાને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'હે પ્રિયે! તારાથી જુદા પડતાં મારો જીવ જરા પણ ચાલતો નથી. પણ શું કરું? આપણી પાસેનું તમામ ધન લગભગ ખૂટી જવા આવ્યું છે, અને

નિત્ય નરણું ને ભવભૂખ્યું, ઠામ ન મૂકે ઠેઠ;
મોડું વહેલું માગતું, પાપી વિલખું પેટ.

એટલે હૃદયને હું કાળમીંઢ જેવું કઠણ બનાવીને મથુરા જાઉં છું, કારણ કે ત્યાં જવાથી ઘણું ધન દક્ષિણામાં મળશે; માટે તું સાચવીને રહેજે અને આપણી લાજ-આબરૂ વધે તેમ કરજે. મને ત્યાં ચાર મહિના થશે.'

એ સાંભળીને યજ્ઞદત્તાએ આંખમાંથી આંસુ પાડતાં કહ્યું કે 'હે સ્વામીનાથ! તમારો એક દિવસનો વિયોગ પણ મારાથી સહન થઇ શકે તેમ નથી. ચંદ્ર વિના જે હાલત ચકોરીની થાય છે, સૂર્ય વિના જે હાલત કમળની થાય છે અને જળ વિના જે હાલત માછલીની થાય છે, તેવી જ હાલત તમારા વિયોગે મારી થઇ પડશે, માટે મારા પર કૃપા કરો અને મથુરા જવાનું મુલતવી રાખો.'

યજ્ઞદત્તાની આ પ્રકારની વિનંતિ સાંભળીને ભૂતમતિએ કહ્યું કે 'હે પ્રિયે! જે સ્થિતિ તારી થશે, તે જ સ્થિતિ મારી પણ થશે, પરંતુ મથુરાનું આમંત્રણ મારાથી પાછું ઠેલાય તેમ નથી, કારણ કે યજ્ઞ કરાવનાર યજમાન જોડે આપણો પાંચ પેઢીનો સંબંધ છે, માટે તું વિદાય આપ કે જેથી હું બધું કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત કરીને પાછો તરત જ અહીં આવી પહોંચું.'

યજ્ઞદત્તાએ કહ્યું: 'આપની આજ્ઞા મારે શિરોધાર્ય છે, પરંતુ ત્યાં ગયા પછી મને ભૂલી જતા નહિ. પાછા જલ્દી આવજો અને સાચવીને જજો. ભોળાનાથ શંભુ તમારી રક્ષા કરશે.'

યજ્ઞદત્તાની રજા લીધા પછી ભૂતમતિએ દેવદત્તને બોલાવ્યો અને કહ્યું કે 'ઘરમાં યજ્ઞદત્તા એકલી છે, માટે તેની સાર-સંભાળ રાખજે અને તેને જે કાંઇ જોઇએ તે લાવી આપજે. આ ઘરનો બધો ભાર તને સોંપીને જાઉં છું.' દેવદત્તે માથું નમાવીને એ સૂચનાનો સ્વીકાર કર્યો.

ભૂતમતિ તેડવા આવેલા માણસો સાથે મથુરા ગયો અને ત્યાં જતાં જ યજ્ઞના કામમાં ઓતપ્રોત બની ગયો. અહીં યજ્ઞદત્તા એકલી પડી એટલે તેણે દેવદત્તને કહ્યું કે 'તું નિઃશંક થઇને મારી સાથે ક્રીડા કર, કારણ કે યુવાનીનું ફળ ભોગવિલાસ છે.'

દેવદત્તે આ અનુચિત માગણીનો ઇનકાર કર્યો, તેથી યજ્ઞદત્તાએ કહ્યું કે 'અરે દેવદત્ત! જ્યારે હું સામી આવીને તારી આગળ પ્રેમની માગણી કરું છું, ત્યારે તેનો ઇનકાર શા માટે કરે છે? અથવા સાચું જ કહ્યું છે કે:—

**ભાગ્યહીનને ના મળે, ભલી વસ્તુનો ભોગ;**
**ખાતાં પાકી દ્રાક્ષને, હોત કાગમુખ રોગ.**

દેવદત્તે કહ્યું: 'પંડિતનો તમારા પર અથાગ પ્રેમ છે. એનાથી તમારું હૃદય નથી ભરાતું કે તમે મારા પ્રેમની માગણી કરી રહ્યા છો?'

યજ્ઞદત્તાએ કહ્યું:—'હા, એમ જ છે.'

શું કીજે અરહટ્ટડે, જે વહે બારે માસ;
વરસે ઘડી જો મેહુલો, પૂરે મનની આસ.

આમ અનેક પ્રકારનાં મર્મભેદી વચનોવડે યજ્ઞદત્તાએ દેવદત્તને વશ કર્યો અને તેની સાથે યથેષ્ટ વિષયસુખ ભોગવવા લાગી. દેવદત્તને પ્રારંભમાં આ જાતનો વ્યવહાર જરાયે ન ગમ્યો, પણ ધીમે ધીમે તે પણ રીઢો થઈ ગયો અને પછી તો બંને પાપીઓ પોતાની પાપ-લીલામાં પૂરા પ્રવીણ બન્યા. એમ કરતાં ચાર માસ પૂરા થવા આવ્યા એટલે દેવદત્તે કહ્યું કે 'હવે તમારા સ્વામી આવી પહોંચશે અને મને જરૂર કાઢી મૂકશે.'

તે સાંભળીને યજ્ઞદત્તાએ કહ્યું કે 'એવી ચિંતા કરશો નહિ. મારો જીવ જતાં સુધી હું તમને છોડનાર નથી. હવે હું એવો પ્રપંચ રચીશ કે જેથી આપણે બંને કાયમને માટે સાથે જ રહી શકીશું.' પછી એક રાત્રિએ યજ્ઞદત્તા સ્મશાનમાં ગઇ અને ત્યાંથી એક મડદું સ્ત્રીનું તથા એક મડદું પુરુષનું એમ બે મડદાં લઈ આવી તેને અનુક્રમે પોતાના ઢોલીયા પર તથા ઘરની બહારના ઓટલા ઉપર ગોઠવ્યાં. ત્યારબાદ ઘરમાંથી જે કાંઇ લેવા જેવું હતું તે બધું લઈ લીધું અને ઘરને આગ ચાંપી. એ આગ જોતજોતામાં ખૂબ વધી ગઇ તેથી સેંકડો માણસો ત્યાં ભેગા થઈ ગયા ને હાહાકાર કરતા આગ ઓલવવા લાગ્યા. એમ કરતા જ્યારે તેઓ આગ ઓલવી રહ્યા ને વસ્તુસ્થિતિની તપાસ કરવા લાગ્યા, ત્યારે જણાયું કે યજ્ઞદત્તા

પોતાના ઢોલિયા પર અને દેવદત્ત ઘરની બહારના ઓટલા પર બળી મૂઓ છે. આથી તેઓ દિલગીર થઇને કહેવા લાગ્યા કે 'હે રામ ! તેં આ શું કર્યું ? યજ્ઞદત્તા જેવી એક પવિત્ર સ્ત્રીના પ્રાણ આ રીતે હરી લેતાં તારો જીવ ભલો ચાલ્યો ! હવે બિચારા પંડિતજી ! શું કરશે ? અને દેવદત્તને પણ ધન્ય છે કે જેણે ગુરુભક્તિમાં લીન થઇને આ રીતે પોતાના પ્રાણની આહૂતિ આપી. ખરેખર ! આ હળાહળ કળિયુગમાં આવાં કર્ત્તવ્યપરાયણ સ્ત્રી પુરુષ તો કોઈક જ પાકે !' પછી તેમણે એક ખેપીઆદ્વારા આ સમાચાર ભૂતમતિને પહોંચાડ્યા.

ભૂતમતિએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તેના શોક–સંતાપનો પાર રહ્યો નહિ. તે બનતી ઉતાવળે કંઠાપુર આવ્યો અને જોયું તો પોતાનું ઘર તદ્દન બળી ગયેલું છે અને તેમાંથી કાંઇ પણ બચવા પામ્યું નથી. આ દૃશ્ય જોતાં જ તેને મૂર્છા આવી ગઈ. પછી કેટલીક વારે જ્યારે તે હોશમાં આવ્યો ત્યારે માથું અને છાતી કૂટતો મોટેથી રડવા લાગ્યોઃ હે દૈવ ! તેં આ શું કર્યું ? તું મારા પર આટલો બધો નિષ્ઠુર કેમ થયો ? મારા આંધળાની એક લાકડી હતી તે પણ તેં કેમ હરી લીધી ! હવે હું શું કરીશ ? કયાં જઇશ ? કોની સાથે પ્રેમભરી વાતો કરીને દિવસો પસાર કરીશ ? અરે યજ્ઞદત્તા ! મને એકલો મૂકીને તું કયાં ચાલી ગઇ ? તું મારાથી રીસાઇ ગઇ છે ? મને જવાબ કેમ આપતી નથી ? અરે, એક વાર તો મારી સાથે બોલ ! શું હવે તારું ચંદ્ર–મુખડું આ જીવનમાં હું ફરીને કદી પણ જોવા નહિ પામું ? અરે રે દુષ્ટ વિધાતા ! તેં મારું સર્વસ્વ હરી લીધું !! અને વહાલા દેવદત્ત ! તું પણ કેમ ચાલ્યો

ગયો ? તું મારો સુખ-દુઃખનો વિસામો હતો, વાત કરવાનું ઠેકાણું હતો, હવે હું મારા હૈયાની વરાળ કોની આગળ ખાલી કરીશ ? તારા જેવા બ્રહ્મચારી અને કર્ત્તવ્યપરાયણનો જીવ હરી લેતાં એ કાળમુખો અગ્નિ પોતે જ કાં ન બળી મૂઓ !'

આ રીતે જ્યારે તે ભયંકર રુદન કરવા લાગ્યો ત્યારે યજ્ઞદત્તા અને દેવદત્તના આડા વ્યવહારની ગંધ પામી ચૂકેલા એક સ્નેહી બ્રાહ્મણે કહ્યું કે 'અરે પંડિતજી! તમારા જેવા ભણેલાગણેલા અને જ્ઞાની પુરુષોને આવી રીતે કરુણ રુદન કરવું ઉચિત નથી કારણ કે 'પંડિત પુરુષો કોઇપણ વાતનો શોક કરતા નથી.' વળી સ્ત્રીજાતિ ઘણા ભાગે કપટબુદ્ધિવાળી, લોભી અને નિર્દય હોય છે તેના પર આટલો બધો મોહ રાખવો ઉચિત નથી, માટે હવે તો રામનામની માળા જપો અને આત્માનું કલ્યાણ કરો.'

આ શબ્દો સર્વાંશે સાચા હતા-ખાસ કરીને ભૂતમતિના સંબંધમાં-છતાં તેને જરાયે ન ગમ્યાં, કારણ કે મોહથી વિકલ થયેલી બુદ્ધિને સત્ય સમજાતું નથી, પરંતુ વાત એટલેથી જ અટકી નહિ. આ શબ્દોએ ભૂતમતિના તપ્ત હૃદયને વધારે તપાવ્યું અને તેના મુખમાંથી નીચેના શબ્દો સરી પડ્યા: 'મારા જેવા સમર્થ પંડિતને શિખામણ આપનારો તું કોણ? અને મારી સ્ત્રી કેવી હતી ને કેવી નહિ, એની તને ખબર પણ શું ? એ સ્ત્રી સરલતાની એક સુરમ્ય મૂર્તિ હતી, સંતોષની એક પવિત્ર પ્રતિમા હતી અને દયાની તો જાણે સાક્ષાત્ દેવી જ હતી. એનાં કોમળ હૃદયમાંથી પરમ પ્રેમનાં પુનિત ઝરણાંઓ નિરંતર વહેતાં હતાં. એના જેવી સુશીલ, સુરૂપા અને સાધ્વી સ્ત્રી આ ભૂમંડળમાં જડવી મુશ્કેલ છે. આવી સ્ત્રી

પર મોહ કોને ન થાય ? શું આપણા વિષ્ણુભગવાન સોળ હજાર સ્ત્રીઓના સ્વામી છતાં રાધા નામની ગોવાળણ ઉપર મોહ પામ્યા ન હતા ? શું આપણા શંકર ભગવાન યોગની સાધના કરવા છતાં યુવાન ભીલડીના હાવભાવ અને નૃત્યથી મોહ પામ્યા ન હતા ? અને આપણા બ્રહ્માજી કે જેણે આ સૃષ્ટિનું સર્જન કરેલું મનાય છે, તે પણ શું રૂપથી મોહિત થયા વિના રહ્યા હતા ? તો હું યજ્ઞદત્તા પર મોહ કેમ ન પામું ? ખરેખર! મારા હૃદયનો એ 'રામ' હતી, તેથી તેની જ માળા હું ફેરવી રહ્યો છું.'

ભૂતમતિના આવા શબ્દો સાંભળીને પેલાએ કહ્યું: 'અતિ-મોહથી સમર્થ પંડિતોની બુદ્ધિ પણ કુંઠિત બની જાય છે. અન્યથા નિતાન્ત હિતની વાત વિપરીતરૂપે કેમ પરિણમે ? હું તો તમારા ભલા માટે કહું છું કે એ સ્ત્રી ગમે તેવી હતી, પણ તમે હવે તેને દેખવાના નથી; માટે એના પરનો મોહ ઉતારીને ભગવાનનું ભજન કરો કે જેથી બાકીની જિંદગી બરબાદ થાય નહિ.'

હિતસ્વીઓ જુદા જુદા પ્રકારનો દિલાસો આપીને વિખ-રાઈ ગયા. ભૂતમતિ એકલો પડયો. પછી તેણે બે મોટાં તુંબડાં મેળવ્યાં અને તેમાંનાં એક તુંબડામાં માની લીધેલી યજ્ઞદત્તાનાં તથા બીજા તુંબડામાં માની લીધેલાં દેવદત્તનાં હાડકાં નાખ્યા. અને તેને ગંગાજીમાં પધરાવવા માટે એક પ્રાતઃકાળે કંઠાપુરથી ચાલી નીકળ્યો.

હવે બન્યું એવું કે ભાગી છૂટેલા યજ્ઞદત્તા અને દેવદત્ત જે ગામમાં રહેતાં હતાં, તે જ ગામ રસ્તામાં આવ્યું અને તેમાં પ્રવેશ કરતાં તે જ બંને જણુ સામા મળ્યાં. આ બનાવથી યજ્ઞદત્તા અને દેવદત્તા વિમાસણુમાં પડી ગયા અને મામલો ક્થળે નહિ તે હેતુથી તેના ચરણે પડીને કહેવા લાગ્યા કે: 'પંડિતરાજ! અમારો ગુનો માફ કરો. અમે બહુ મોટી ભૂલ કરી છે અને તે માટે અમને ઘણો જ પસ્તાવો થાય છે. અમે તમારી પાસે આવવાનો જ વિચાર કરતાં હતાં, તેવામાં તમે પોતે મળી ગયા, તે ઘણું સારું થયું.'

તે સાંભળીને ભૂતમતિએ કહ્યું: 'અરે! તમે કોણુ છો અને કોની સાથે વાતો કરો છો?'

આ જાતના પ્રશ્નથી વિસ્મય પામેલા દેવદત્તે કહ્યું: 'કેમ? આપે અમને ઓળખ્યા નહિ? આ તમારી પત્ની યજ્ઞદત્તા છે અને હું તમારો માનીતો વિદ્યાર્થી દેવદત્ત છું.'

એ સાંભળીને ભૂતમતિ તરતજ બોલી ઊઠયો કે 'અરે લુચ્ચાઓ! તમે મને બનાવવા આવ્યા છો કે શું? યજ્ઞદત્તા અને દેવદત્ત તો અગ્નિમાં બળીને કયારનાયે ભસ્મ થઇ ગયા અને તેમનાં હાડકાં પણુ આ તુંબડામાં પડેલાં છે કે જેને લઈને હું ગંગાજી તરફ જઈ રહ્યો છું; માટે તમે બંને કોઈ માયાવી લાગો છો અથવા તો તેમનાં પ્રેત જ છો અને મને છળવાને માટે અહીં આવેલાં જણાઓ છો, પણુ યાદ રાખજો કે હું એક સાચો ભૂદેવ છું અને ધારું તો તમને ગાયત્રી મંત્રના પ્રભાવથી બાળીને ભસ્મ કરી નાખું. પણુ તમારા પર

દયા લાવીને જતાં કરું છું, માટે તાબડતોબ મારી પાસેથી ચાલ્યા જાવ.' અને યજ્ઞદત્તા તથા દેવદત્ત તેની નજર આગળથી અદૃશ્ય થયાં. કહેવાની જરૂર ભાગ્યે જ છે કે ભૂતમતિનું આ વલણુ તેમને 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' તેના જેવું થયું.

ભૂતમતિએ પણુ ભૂતની બલામાંથી છૂટ્યાનો સંતોષ અનુભવ્યો અને પેલાં હાડકાં વિધિપૂર્વક ગંગાજીમાં પધરાવતાં ઇશ્વરને પ્રાર્થના કરી કે 'હે દીનદયાળ ! હે જગન્નિયંતા ! તું યજ્ઞદત્તા અને દેવદત્ત જ્યાં પણુ હોય ત્યાં તેમને સુખી કરજે, કારણુ કે તેઓ તારી કૃપાનાં પરમ પાત્ર હતાં.'

સારાંશ કે—મોહથી મૂઢ થયેલા મનુષ્યો પોતાની વિચારશક્તિ એટલા અંશે ગુમાવી દે છે કે સત્ય તેમની સામે સાક્ષાત્ આવીને ઊભું રહે તો પણુ તેઓ એનો સ્વીકાર કરવાને તૈયાર થતા નથી.

## ૭. કદાગ્રહ ઉપર અંધ રાજકુમારનું દૃષ્ટાંત.

એક રાજાનો પુત્ર જન્માંધ હતો પણુ સ્વભાવે ઘણો ઉદાર હતો, તેથી પોતાની પાસે જે કાંઇ ઘરેણાં—ગાંઠા હોય તે યાચકોને દાનમાં આપી દેતો. રાજકુમારનો આ વ્યવહાર રાજ્યના હિતની સતત ચિંતા કરનાર મંત્રીને પસંદ પડ્યો નહિ, તેથી તેણે એક વાર એકાંત જોઇને રાજાને કહ્યું કેઃ 'મહારાજ ! લક્ષ્મીના ત્રણુ ઉપયોગ—દાન, ભોગ અને નાશમાં દાન સહુથી શ્રેષ્ઠ છે અને તે સ્વ—પર ઉપકારી છે, તેમ છતાં મર્યાદામાં રહીને થાય તે ઇષ્ટ છે; કારણુ કે **अति सर्वत्र वर्जयेत्**—કોઈ પણુ વાત વધારે પડતી કરવી નહિ એવું નીતિકારોનું

વચન છે. જો તેમ નહિ થાય અને કુમારશ્રી આજની ઢબે દાન દેવાનું ચાલુ રાખશે તો આપણો ભંડાર ટૂંક સમયમાં ખાલી થઇ જશે.'

એ સાંભળી રાજાએ કહ્યું કે 'મંત્રીશ્વર ! તમારું કહેવું સાચું છે, પણ કુમારનું મન નારાજ થાય તે ઇષ્ટ નથી, માટે કોઈ એવો ઉપાય શોધી કાઢો કે જેથી કુમારનું મન પણ રાજી રહે અને ભંડાર પણ સચવાઈ રહે. તમારા જેવા બુદ્ધિનિધાન માટે એ કાંઈ મુશ્કેલ નથી.'

મંત્રીએ તે સૂચનાનો સ્વીકાર કર્યો. પછી તે મુજબનો ઉપાય વિચારીને તેણે કુમારને એકાંતમાં બોલાવ્યો અને કહ્યું કે 'કુમારશ્રી ! તમને આભૂષણોનો ઘણો શોખ છે, તેથી તમારા પૂર્વજોએ બનાવેલાં મહામૂલ્ય આભૂષણો મેં ભંડારમાંથી બહાર કઢાવ્યાં છે. તે તમારે બીજા કોઇને આપી ન દેવાં એ શરત કબૂલ હોય તો પહેરવા આપું. જ્યારે તમે આ આભૂષણો ધારણ કરશો ત્યારે તમારી કાંતિ અનેરા પ્રકાશથી ઝળહળી ઊઠશે અને જાણે કોઇ દેવકુમાર જ ન હો તેવા જણાશો. પણ આ જગતમાં સ્વાર્થી માણસોની ખોટ નથી. તેઓ તમારા આ દિવ્ય આભૂષણો પડાવી લેવા માટે કંઈ કંઇ યુક્તિઓ કરશે અને કોઇ તો એમ પણ કહેશે કે આભૂષણો લોહનાં છે, તે તમને શોભતા નથી, માટે ઉતારી નાખો પણ તમારે એ સ્વાર્થી લોકોના વચન ઉપર ધ્યાન આપવું નહિ.'

કુમારે કહ્યું: 'તમારી શરતનું હું બરાબર પાલન કરીશ અને જો કોઈ પણ માણસ મને એમ કહેશે કે 'આ આભૂષણો

લોહનાં છે,' તો એની પૂરી ખબર લઇશ માટે તે આભૂષણો મને પહેરવા આપો.'

આ પ્રમાણે કુમારનું મન પહેલેથી વ્યુદ્ગ્રાહિત કરીને મંત્રીએ તેને ખરેખરાં લોહનાં આભૂષણો જ પહેરાવ્યાં. હવે કુમાર તે આભૂષણો પહેરીને પ્રસન્નચિત્તે રાજમહેલના દરવાજા આગળ બેઠો. એવામાં ત્યાં કેટલાક યાચકો આવી પહોંચ્યા અને તેમણે કુમારનાં આભૂષણો જોઇને કહ્યું કે 'કુમારશ્રી! આ નવી જાતનાં આભૂષણો કયાંથી પહેર્યાં? લોહનાં આભૂષણો પહેરવાનું રાજકુમારને શોભે નહિ.' આ શબ્દો સાંભળતાં જ કુમારે પોતાની પાસે રહેલી લાકડી ઉપાડી અને ધડાધડ બે ચાર જણાને ચોડી દીધી; એટલે યાચકો ત્યાંથી જીવ લઈને નાઠા. પછી થોડીવારે કેટલાક રાજસેવકો ત્યાં આવ્યા. તેમણે પણ કુમારના આભૂષણો જોઇને કહ્યું કે 'કુમારશ્રી! આજે આવાં આભૂષણો કેમ ધારણ કર્યાં છે? રાજકુમારે લોહનાં આભૂષણો ધારણ કરવાં ઉચિત નથી.' તે સાંભળીને કુમારે તેમને પણ લાકડીથી ઝૂડ્યા, એટલે તેઓ અત્યંત નારાજ થઈને ત્યાંથી ચાલતા થયા. ત્યાર પછી કેટલાક સંબંધીઓ અને હિતેચ્છુઓ ત્યાંથી પસાર થયા. તેમણે પણ કુમારનાં આ આભૂષણો જોઇને કહ્યું કે 'કુમારશ્રી! આપે આ કઈ જાતનાં આભૂષણો ધારણ કર્યાં છે? શું ભંડારમાં હીરા, મોતી અને સુવર્ણનાં આભૂષણો ઓછાં પડ્યાં કે આપે આ લોહનાં આભૂષણો ધારણ કર્યાં?' એ સાંભળીને કુમારે તેમની સામે પણ લાકડી ઉગામી અને ક્રોધથી ધ્રૂજતા સ્વરે કહ્યું કે 'ખબરદાર! તમારે મારાં આભૂષણો સંબંધી કાંઇ વાત કરવી નહિ.' બીજા પણ જેણે

જેણે કુમારને એમ કહ્યું કે ‘ આ આભૂષણો લોહનાં છે, ’ તે દરેકનું તેણે અપમાન કર્યું અને તેની સાથે ઝઘડો કર્યો.

આ પરથી શાણા પાઠકો સમજી ગયા હશે કે કદાગ્રહની કુહાડી વાગતાં સત્યનો છોડ કેવી રીતે મૂળમાંથી કપાઈ જાય છે.

## ૮. પક્ષપાત ઉપર સુભટનું દૃષ્ટાંત.

સુભટ નામના એક રાજ્યાધિકારીને સુરંગી નામે સ્ત્રી હતી, જે બહુ ભલી અને ભોળી હતી. એ સ્ત્રીથી તેને એક પુત્ર થયો, જેનું નામ સોનપાલ પાડ્યું. હવે પુત્રનો પ્રસવ થયા પછી સુરંગીની તબિયત લથડી અને તેનાં શરીરનું સૌંદર્ય ઘણા અંશે ઓછું થઇ ગયું, તેથી સુભટનું મન તેના પરથી ઉતરી ગયું. કહ્યું છે કેઃ—

લાગે વાર ન ભાંગતાં, ઓછા નરની પ્રીત;
અંબર-ડંબર સાંજનો, જ્યૂં વેળુની ભીંત.

જેમ સંધ્યાનો આડંબર અને રેતીની ભીંત થોડી જ વારમાં તૂટી પડે છે, તેમ હલકા મનુષ્યોનો સ્નેહ થોડા જ વખતમાં ઓછો થઇ જાય છે.

સુરંગી પરનો સ્નેહ ઓછો થઈ જતાં સુભટે ઘણું ધન ખરચીને કુરંગી નામની બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં. આ સ્ત્રી દેખાવમાં ફૂટડી હતી અને હાવભાવ તથા ચેનચાળામાં નિપુણ હતી, તેથી થોડા જ વખતમાં તેણે સુભટનું દિલ જિતી લીધું અને સુભટ તેની જ આંખે જોવા લાગ્યો. કોઇ કવિએ ઠીક જ કહ્યું છે કેઃ—

નારી મદન-તલાવડી, બૂડયો સબ સંસાર;
*કાઢણહારો કો નહીં, કહાં કરું પોકાર?*

કુરંગી હૃદયની કૂડી હતી. ઇર્ષ્યા, દ્વેષ, અભિમાન, અસત્ય, ચાડીચૂગલી વગેરે અનેક દુર્ગુણોએ તેના અંતરમાં વાસ કર્યો હતો. વળી શિયળવ્રત કે જે સ્ત્રીઓનો મુખ્ય અને સાચો શણગાર ગણાય છે, તેમાં પણ તે શિથિલ હતી, તેથી નવા નવા પુરુષોને જોઇ તેમની સાથે ક્રીડા કરવાને ઇચ્છતી હતી પરંતુ સુરંગીની સતત હાજરીને લીધે તેની એ ઇચ્છા પાર પડતી ન હતી. પરિણામે તેના હૃદયમાં સુરંગી માટે ભયાનક દ્વેષ ઉત્પન્ન થયો અને તે એને ગમે ત્યારે ગમે તે રીતે ઉતારી પાડવા લાગી. પણ સુરંગી સમજુ અને શાણી હતી, તેથી કુરંગીએ કરેલાં સઘળાં અપમાનોને પૂર્વ કર્મનો ઉદય જાણીને શાંતિપૂર્વક ગળી જવા લાગી. કહ્યું છે કેઃ–

સતજન મનમાં ના ધરે, દુર્જન જનના બોલ;
પત્થર ખાય છતાં દિયે, આંબો ફળ અનમોલ.

લડવાનું ગમે તેવું કારણ આપવા છતાં સુરંગી જ્યારે શાંત રહી ત્યારે કુરંગીએ ધણીના કાન ભંભેરવા શરુ કર્યા. ‘તમારી જૂનીનાં લક્ષણો જરાય સારા નથી. જો એની બધી વાતો કહેવા બેસું તો તમને એમજ લાગશે કે આ તો શોકયના ખારથી જ બોલે છે, પણ મારા હૃદયમાં તેવું કાંઈ નથી. હું તો એને સગી બહેન જેવી જ ગણું છું, પરંતુ તમારી લાજ–આબરૂને બટ્ટો લગાડે, તે મારાથી જોવાતું નથી. એ રોજ નવા નવા માણસોને ઘરમાં ઘાલે છે અને તેમની સાથે અનેક

પ્રકારની વાતો કર્યા કરે છે, માટે તમારે જે વિચાર કરવો હોય તે કરજો.'

આ પ્રકારની સતત ઉશ્કેરણીથી સુભટે એક ઘર, થોડું રાચરચીલું, પાંચ ગાયો અને પાંચસો રૂપીઆ રોકડા આપીને સુરંગીને તેના પુત્ર સોનપાલ સાથે જુદી કાઢી.

કુરંગી એકલી પડતાં પોતાનું મનમાન્યું કરવા લાગી અને સુભટ તેનો તાબેદાર સેવક હોય તેવો જ બની ગયો. કહ્યું છે કે:–

> જે શૂરા જે પંડિતા, જે શાણાં ગંભીર;
> નારી સર્વ નચાવીઆ, ત્યમ જે બાવન વીર.

હવે એક દિવસ તે ગામનો રાજા વિજય યાત્રાએ નીકળ્યો તે વખતે સુભટને તેની સાથે જવાનું થયું, એટલે તેણે કુરંગીની વિદાય માગી.

કુરંગીએ કહ્યું કે 'હે સ્વામિનાથ! તમારા વિયોગનો એક એક દિવસ મને સો સો વરસ જેવડો લાંબો લાગશે, તેથી કૃપા કરીને મને પણ સાથે જ લેતા જાઓ.'

સુભટે કહ્યું: 'હે પ્રિયે! લડાઈમાં તારું કામ નથી. વળી રાજાજીનો એવો હુકમ છે કે કોઈ પણ સ્ત્રીને યુદ્ધમાં સાથે લેવી નહિ. તેથી તું અહીં જ રહે અને ખાઈ–પીને મોજ કર. હું થોડા દિવસમાં જ પાછો આવીશ.'

સુભટના આ જવાબથી કુરંગીએ આંખમાં આંસુ લાવીને કહ્યું: 'તમારી જે કાંઇ આજ્ઞા હશે, તે હું માથે ચડાવીશ પણ

મારાથી અહીં એકલું રહેવાશે નહિ. હું કોની સાથે વાતો કરીશ? કોનું મોઢું જોઇને રાજી થઈશ? વળી આપણા પાડોશીઓ ખૂબ નટખટ છે, તે તમે કયાં જાણતા નથી? માટે તમે બને તેટલા વહેલા આવજો.'

સુભટ રાજાની સાથે ગયો અને કુરંગી એકલી પડી. આ વખતે તેના મનમાં પરપુરુષને ભોગવવાની ઈચ્છા જાગૃત થઈ, તેથી એ ગામમાં ચંગા નામનો એક યુવાન અને રૂપાળો સોની હતો, તેને ઘરેણાં ધોવડાવવાનાં બહાના તળે પોતાના ઘેર બોલાવ્યો અને એકાંતમાં લઈ જઈને જણાવ્યું કે 'હે યુવાન! તું રૂપ અને કલાનો ભંડાર છે, તેમ હું પણ નવયૌવના અને રંગીલી છું; માટે તું કબૂલ થા તો આપણે આ સંસારનો લ્હાવો લઈએ. જો તું મારી આ માગણી કબૂલ નહિ કરે તો હું આપઘાત કરીશ અને તેનું પાપ તારા કપાળે ચોંટશે.'

ચંગો બદમાશ હતો અને બધી વાતે પૂરો હતો. સાત મહાવ્યસનો પૈકીનું કોઈ પણ વ્યસન એવું ન હતું કે જેનું સેવન તે ન કરતો હોય. એથી તેણે કહ્યું કે 'જારકર્મમાં ઘણું જ જોખમ રહેલું છે, છતાં તેમાં હું સંમત થાઉં છું, કારણ કે મારા શિરે સ્ત્રી-હત્યાનું પાપ ચોંટે તે હું જરા પણ ઇચ્છતો નથી.' પછી તે બંને જણ યથેષ્ટ ભોગવિલાસ કરવા લાગ્યાં અને મનગમતું ધન ઉડાવવા લાગ્યાં.

એવામાં એક દિવસ સુભટનો સંદેશો આવ્યો કે—હું ચાર રોજમાં ઘેર આવું છું. એટલે ચંગાએ સમજાવી પટાવીને તેની પાસે બાકી રહેલી બધી વસ્તુઓ પડાવી લીધી અને તેને તદ્દન ભૂખંડી બારશ બનાવી દીધી.

હવે સુભટ તદ્દન નજીક આવી પહોંચ્યો એટલે તેણે ખાસ માણસ મોકલીને કહેવરાવ્યું કે 'આવતી કાલે બપોરે બાર વાગે હું ઘેર આવીશ, માટે રસોઈપાણી તૈયાર રાખજો.' આ સંદેશાથી કુરંગીને ચિંતા થઇ કે ઘરમાં કોઈ સારી વસ્તુ તો રહી નથી, તેથી સ્વામીનો યોગ્ય સત્કાર શી રીતે કરી શકીશ ?' એટલે બુદ્ધિ કેળવીને સુરંગીને ઘેર ગઈ અને પ્રણામ કરીને કહેવા લાગી કે 'મોટાં બહેન ! તમને એક વધામણી આપું ?'

કોઈ દિવસ નહિને આજે જ કુરંગીને પોતાને ત્યાં આવેલી જોઇને સુરંગીને ખૂબ આશ્ચર્ય થયું, પણ મનુષ્યના હૃદયમાં અનેક વાર આકસ્મિક પરિવર્તનો થાય છે, તેનો ખ્યાલ કરીને બોલી કે 'બહેન !' તું શું વધામણી લાવી છે ?'

કુરંગીએ કહ્યું: 'આપણા સ્વામી બાર મહિનાથી બહારગામ હતા, તે આવતી કાલે બપોરે આવી પહોંચશે.'

તે સાંભળીને સુરંગીએ કહ્યું કે 'બહેન ! તારા મોઢામાં સાકર પરંતુ તેમનું સ્વાગત હું કેવી રીતે કરીશ ? એ તો મારી સામે ઊંચી નજરે જોતા પણ નથી !'

કુરંગીએ કહ્યું: 'તેની ફીકર કરશો નહિ. એ તો હું સમજાવીને તમારે ત્યાં જ ભોજન કરાવીશ, માટે કાલે તમે ભાતભાતનાં ભોજન તૈયાર કરજો.'

સુરંગીને લાગ્યું કે હવે પોતાનો દિનમાન પાધરો લાગે છે, નહિ તો છકેલી શોક્યના મુખમાંથી આવા સહાનુભૂતિભર્યા શબ્દો નીકળે નહિ. તેણે આ ભલમનસાઈ બદલ કુરંગીનો આભાર માન્યો અને કુરંગી મનમાં મલકાતી પોતાને ઘેર ગઈ.

બીજા દિવસે સવારે સુરંગીએ વહેલા ઉઠીને ભાતભાતના ભોજન તૈયાર કર્યાં અને પતિના આગમનની રાહ જોવા લાગી. આ બાજુ કુરંગીએ કાંઈ પણ રસોઇ તૈયાર ન કરતાં જેમતેમ કરીને પોતાની પેટ પૂજા કરી લીધી અને સુભટના આવવાના સમયે ઘરનાં બારણાં બંધ કરી દીધાં.

વાયદા મુજબ સુભટ આવી પહોંચ્યો, પરંતુ ઘરનાં બારણાં બંધ જોઈને વિચારમાં પડ્યો. તેણે તો એવી આશા રાખી હતી કે 'કુરંગી મારી રાહ જોઈને ઊભી હશે અને મને જોતાં જ ઓાછી ઓાછી થઇ જશે. પછી તે મારું મધુર સ્મિતપૂર્વક ભાવભીનું સ્વાગત કરશે અને અમે બંને જણા તારામૈત્રિક રચતાં ઘરમાં જઇશું.' પરંતુ કોઈ પણ કારણસર તેમ નહિ બન્યું હોય, એમ માનીને તેણે મોટેથી કહ્યું: 'હે પ્રિયે ! બારણાં ઉઘાડ. હું સુભટ બહારગામથી આવી ગયો છું.' છતાં ઘરમાંથી કાંઈ પણ ઉત્તર આવ્યો નહિ કે કુરંગીનાં આવવાનાં પગલાં પણ સંભળાયાં નહિ. તેથી 'રખેને કુરંગીને કોઇ પણ કારણે માઠું લાગ્યું હોય !' તેમ માનીને તેણે કહ્યું:' હે ચંદ્રાનને ! હે સુભ્રૂ ! હું ઘણા દિવસે બહારગામથી આવ્યો છું અને તારું મનોહર મુખ જોવાને ઉત્સુક છું માટે જલદી બહાર આવ. આ રીતે તું લજ્જા રાખે, તે કોઈ પણ રીતે યોગ્ય નથી.'

આ રીતે સુભટે જ્યારે અનેક પ્રકારનાં મધુર વચનો કહ્યાં ત્યારે કુરંગીએ ઘરનાં બારણાં ઉઘાડ્યાં, પણ ન તેનો સત્કાર કર્યો કે ન તેની કુશળતા પૂછી. એ તો એક બાજુ મોઢું ચડાવીને બેઠી. સુભટે જોયું કે કુરંગી પૂરેપૂરી રોષમાં છે અને તેને રોષ કરવાનું કોઈ પ્રબળ કારણ જરૂર મળ્યું હશે,

તેથી પ્રેમપૂર્વક કહ્યું કે 'હે પ્રિયે મારો એવો શો અપરાધ થયો છે કે તું મને સ્નેહપૂર્વક બોલાવતી નથી? વળી તારા હાથની રસોઈ જમવાને હું ઘણો આતુર છું, માટે ઊભી થા અને મારું ભાણું પીરસ.'

તે વખતે કુરંગીએ જબ્બર છણકો કરતાં કહ્યું: 'તમારા જેવા ઢોંગી માણસ આ દુનિયામાં કોણ હશે? તમે અગાઉથી સુરંગીને કહેવડાવ્યું છે કે કાલે હું તારે ત્યાં ભોજન કરીશ, તેથી તેણે ભાતભાતનાં ભોજન બનાવ્યાં છે, માટે તેને ત્યાં જાઓ, નાહક મારી બનાવટ શા સારુ કરો છો?' એવામાં સુરંગીએ મોકલેલો સોનપાલ ત્યાં આવી પહોંચ્યો અને સુભટને પગે લાગી કહેવા લાગ્યો કે 'પિતાજી, આપણા ઘરે ચાલો. મારી માતાએ સઘળી રસોઈ તૈયાર કરી રાખી છે.'

આ બધું શું બની રહ્યું છે તેની સુભટને કાંઇ સમજ પડી નહિ. તે કુરંગીના મુખ સામું તાકી રહ્યો, પણ કુરંગી તેના પર અસહ્ય કઠોર વચનોની તડી વરસાવી રહી હતી. છેવટે તેણે સુભટને જાકારો દેતાં જણાવ્યું કે 'એ ધૂતારા! તુ અહીંથી દૂર થા અને તારી માનીતીને ત્યાં જા. તે તને ભોજન કરાવશે. હવે તારે મારો ખપ નથી, તે હું સારી રીતે જાણું છું.'

કુરંગીના આવા અજબ વર્તનથી આશ્ચર્યચકિત થયેલો સુભટ આખરે સુરંગીને ઘેર ગયો, જ્યાં સુરંગીએ તેનો અંતરના ઉમળકાથી સત્કાર કર્યો અને ઘણું ઘણું માન આપ્યું. પછી તેણે સુભટને ગરમ પાણીથી સ્નાન કરાવ્યું અને જમવા બેસાડયો.

એક સુંદર બાજોઠ ઉપર કાંસાનો મોટો થાળ મૂકેલો છે અને તેમાં નાની મોટી અનેક વાડકીઓ યથાસ્થાને ગોઠવેલી છે. એ થાળમાં સુરંગીએ મેસુર, દહીંથરાં તથા સેવ, મમરી, તળેલાં પાપડ અને ફરસાણુ પીરસ્યાં. પછી જુદી જુદી વાડકી-ઓમાં ભીંડા, તુરિયાં, પરવળ અને કાકડીનાં શાક પીરસ્યાં તથા અનેક મસાલાથી સ્વાદિષ્ટ બનાવેલી તુવરની દાળ પણ પીરસી. ત્યાર બાદ ચટણી અને રાયતા સાથે કેરી–ગુંદા વગેરે અથાણું મૂકયાં અને હાથમાં વીંઝણો લઈને પવન નાખવા લાગી, પરંતુ સુભટનો હાથ જમવા માટે લાંબો થયો નહિ.

સુરંગી વસ્તુસ્થિતિ પામી ગઈ, છતાં ધણીનું મન સ્પષ્ટ રીતે જાણવા માટે તેણે નમ્રતાથી પૂછયું કે ‘ હે સ્વામી ! તમે ભોજન કેમ કરતા નથી ? ’

સુભટે કહ્યું : ‘ જમવાની ખાસ ઉલટ થતી નથી. ’

એ સાંભળીને સુરંગીએ ફરી પૂછયું : ‘ શું એમાં કાંઇ ખામી જણાય છે ? ’

સુભટે કહ્યું : ‘ હા, એમાં એક વસ્તુની ખામી છે. જો કુરંગીએ બનાવેલું શાક એમાં ઉમેરાય, તો બધું ભોજન અમૃત જેવું મીઠું લાગે. ’

સુરંગીએ કહ્યું : ‘ આમાંનું કોઇ પણ શાક ચાખ્યા વિના તમને શું ખબર પડી કે તે કુરંગીના હાથે બનાવેલા શાક જેવું સ્વાદિષ્ટ નથી ? ’

સુભટે કહ્યું : ‘ એ તો એની સોડમ જ કહી આપે. તેમાં ચાખવાની જરૂર નથી. ’

સુરંગી સમજી ગઇ કે સુભટની વિવેકબુદ્ધિ ઉપર પક્ષપાતનાં ચશ્માં ચડી ચૂકેલાં છે, તેથી ગમે તેવી દલીલ કરીશ, તો પણ તેના ગળે ઉતરશે નહિ.' તેથી તે ઉઠીને ઊભી થઇ અને વાડકો લઇને કુરંગીને ઘેર ગઈ. ત્યાં તેણે કુરંગીને કહ્યું કે 'બહેન ! સ્વામીનું મન તમારામાં વસ્યું છે, તેથી તેમને મારાં કરેલાં શાક કે પકવાન્ન ભાવતાં નથી, માટે તમારું બનાવેલું શાક આપો કે જેથી તેઓ ઉલટપૂર્વક ભોજન કરે.'

કુરંગીએ જોયું કે આટઆટલો તિરસ્કાર કરવા છતાં સુભટનું મન પોતાના પર ચોંટેલું છે, તેમ છતાં તેની વધારે પરીક્ષા કરવી જોઇએ. તેથી તેણે સુરંગીને કહ્યું કે 'બહેન ! થોડી વાર આ પરસાળમાં બેસો ને હું આપણા સ્વામી માટે ગરમાગરમ શાક બનાવી આપું છું.' એટલે સુરંગી પરસાળમાં બેઠી અને કુરંગી મકાનના પાછલા ભાગમાં જઇને પાડીએ કરેલું તાજું છાણ લઇ આવી. પછી તેમાં આટો, લૂણ, મરી નાખીને તેને હિંગ વડે વઘાર્યું અને લીંબુનો પટ દઇને તે ગરમાગરમ શાકનો વાડકો ભરી આપ્યો.

સુરંગીએ આ શાક સુભટ આગળ ધર્યું. એટલે તે બોલી ઊઠ્યો 'જોઇ આ શાકની સોડમ ! તેમાંથી કેવી મધુર વાસ આવી રહી છે ? અરે ! તેનો દેખાવ જ કહી આપે છે કે તે એક ઉત્તમ પ્રકારનું નાનાવિધ વ્યંજનવાળું સુંદર શાક છે!' પછી તેણે ભોજન કરવા માંડયું. તે વખતે સુરંગીએ બનાવેલી વસ્તુઓ તો જુજજાજ ખાધી, પણ કુરંગીએ બનાવેલું શાક બધું જ ખાઇ ગયો અને તે બોલી ઊઠ્યો કે 'દુનિયામાં શાક

બનાવનારાઓ ભલે શાક બનાવે પણ તેમાંનું કોઈ શાક કુરંગી-એ બનાવેલા શાકની તોલે આવે નહિ !' ઇતિ.

આ દૃષ્ટાંત પરથી સુજ્ઞ પાઠકો સમજી ગયા હશે કે પક્ષપાત ને દૃષ્ટિરાગ લીધે સત્યાસત્યનો નિર્ણય કરવામાં આપણી બુદ્ધિ કેવી અને કેટલી પાંગળી બની જાય છે.

## ૯. તત્ત્વની પરીક્ષા

સત્યશોધન એટલે તત્ત્વવિનિશ્ચય કે તત્ત્વની પરીક્ષા, તે માટે પરમ તત્ત્વજ્ઞ શ્રીમાન્ હરિભદ્રસૂરિજીનાં નીચેનાં વચનો મનન કરવા યોગ્ય છે:—

**" आगमेन च युक्त्या च, योऽर्थः समभिगम्यते ।**
**परीक्ष्य हेमवद् ग्राह्यः, पक्षपाताग्रहेण किम् ? "**

" આગમ અને યુક્તિ વડે જે તત્ત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે, તે સુવર્ણની માફક પરીક્ષા કર્યા પછી ગ્રહણ કરવા યોગ્ય છે. તેમાં પક્ષપાત કે આગ્રહ કરવાનો કંઈ જ અર્થ નથી."

આ શબ્દોનું રહસ્ય એ છે કે—સારાપણું અને ખોટાપણું જેમ દરેક બાબતમાં રહેલું હોય છે તેમ શાસ્ત્ર અને તર્કની બાબતમાં પણ હોય છે એટલે કે શાસ્ત્રો બે પ્રકારનાં છે. એક તો સર્વજ્ઞકથિત અને બીજાં અસર્વજ્ઞકથિત. તેમાં જે શાસ્ત્રો સર્વજ્ઞકથિત છે, તે સંવાદી હોઇને પૂરેપૂરાં વિશ્વસનીય છે અને જે શાસ્ત્રો અસર્વજ્ઞપ્રણીત છે, તે વિસંવાદી હોઇને પરસ્પર વિરોધી વચનોવાળાં છે, તેથી વિશ્વસનીય નથી. તે જ રીતે તર્ક પણ બે પ્રકારનો છે. એક સુતર્ક અને બીજો કુતર્ક. તેમાં

જે વિશદ અને વ્યવહારુ તર્ક છે તે સુતર્ક છે અને કુત્સિત તથા અવ્યવહારુ તર્ક છે, તે કુતર્ક છે. દાખલા તરીકે કોઇ ગામની સાંકડી શેરીમાં એક ગાંડો હાથી આવ્યો. તે વખતે તેના પર બેઠેલા માવતે બૂમ મારીને લોકોને કહ્યું કે 'ભાઈઓ ! અહીંથી ભાગી છૂટો, નહિ તો આ ગાંડો હાથી તમને મારી નાખશે.' તે વખતે એક માણુસે ભાગી છૂટવાને બદલે માવતને પૂછયું કે 'અરે ! આ હાથી લોકોને શી રીતે મારી શકશે? શું એ હાથી લોકોને અડકીને મારે છે કે અડકયા વિના? જો તે અડકીને મારતો હોય, તો પ્રથમ તું જ મરવો જોઇએ, કારણુ કે તું હાથીને અડકેલો છે. અને જો એ હાથી લોકોને અડકયા વિના જ મારતો હોય તો અહીંથી ભાગી જવાનું નિરર્થક છે, કારણુ કે એ રીતે તો તે ગમે ત્યાં પણુ મારી શકે છે માટે તારું કહેવું મિથ્યા છે.' અને તે માણુસે ભાગવાનો પ્રયત્ન કર્યો નહિ, જેથી હાથીની સુંઢમાં સપડાઇને મરણુને શરણુ થયો. તાત્પર્ય કે-અહીં જે તર્ક કરવામાં આવ્યો તે એક પ્રકારનો કુતર્ક છે. તેથી જે તત્ત્વો શાસ્ત્રો અને તર્કથી સિદ્ધ થયેલાં કહેવાય છે, તેની પણુ પરીક્ષા કરવી ઘટે છે. આ બાબતમાં સુવર્ણુપરીક્ષાનું દૃષ્ટાંત લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. જેમ કોઈ માણુસને સુવર્ણુ ખરીદવું હોય તો પ્રથમ તેને કસોટી પર ચડાવીને તેનો કસ કાઢે-જુએ છે; પછી વિશેષ ખાતરી કરવા તેને છીણીથી કાપી જુએ છે, એરણુ પર મૂકીને ટીપી જુએ છે, તથા તાપમાં તપાવીને કે તેજાબમાં બોળીને 'તેમાં કાંઈ દગો કે ભેળ તો નથી?' તેની ખાતરી કરી જુએ છે. અને ત્યારબાદ જ તે એ સુવર્ણુને ગ્રહણુ કરે છે. તે રીતે

*શાસ્ત્રો અને તર્કોએ સિદ્ધ કરેલાં કહેવાતાં તત્ત્વો પ્રથમ સાદી સમજની કસોટી પર કસી જોવાં ઘટે છે; પછી તેનાં ભિન્ન ભિન્ન અંગો પરત્વે વિચાર કરીને તેને છેદી જોવાં ઘટે છે; અનુભવની એરણ પર મૂકીને ટીપી જોવાં ઘટે છે; તથા વિવેકરૂપ તેજાબમાં બોળીને તેની હિતકરતા વિષે સંપૂર્ણ ખાતરી કરી લેવી ઘટે છે. અને એ પ્રકારની પરીક્ષામાંથી જો તે બરાબર પસાર થાય તો જ તેનો સ્વીકાર કરવો યોગ્ય છે. બાકી પક્ષપાત કે આગ્રહને વશ થઈને કોઈ તત્ત્વને સ્વીકારી લેવાનો વાસ્તવિક અર્થ કાંઈ જ નથી.

---

*એક મહાન્ જ્ઞાની પુરુષે પણ ફરમાવ્યું છે કે—

**परीक्षन्ते कषच्छेदतापैः, स्वर्णं यथा जनाः ।**
**शास्त्रेऽपि वर्णिकाशुद्धिं, परीक्षन्तां तथा बुधाः ॥**

"મનુષ્યો કષ, છેદ અને તાપ વડે જેમ સુવર્ણની પરીક્ષા કરે છે તે પ્રમાણે પંડિત પુરુષોએ શાસ્ત્રમાં પણ વાક્યોની શુદ્ધિને અર્થાત્ શાસ્ત્રોમાં જણાવેલા દેવ, ગુરુ, ધર્મના સ્વરૂપને અથવા તે તે વિષયોને ચિંતન–મનન–પૂર્વક ખૂબ તપાસવા જોઈએ. જે શાસ્ત્રોમાં પૂર્વાપર અવિરોધી વિધિ અને નિષેધની સુંદર વ્યવસ્થા છે તે શાસ્ત્ર કષ–શુદ્ધિવાળું ગણાય છે.

વિધિ તથા નિષેધમાં યોગ અને ક્ષેમ કરનારી સુંદર ક્રિયાનું જેમાં વર્ણન છે તે શાસ્ત્ર છેદ–શુદ્ધિવાળું ગણાય છે.

અને જે શાસ્ત્ર સર્વ નયની અપેક્ષા રાખનાર વિચારોરૂપી પ્રબલ અગ્નિવડે કોઈપણ પદાર્થ–નિરૂપણમાં જરા પણ અપૂર્ણતાવાળું નથી તે શાસ્ત્ર તાપ–શુદ્ધિવાળું ગણાય છે.

વિશેષમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કેઃ—

**“ श्रोतव्ये च कृतौ कर्णौ, वाग्बुद्धिश्च विचारणे ।
यः श्रुतं न विचारेत, स कार्यं विन्दते कथम् ? ॥”**

“ સાંભળવા માટે કાન છે અને વિચારવા માટે વાણી તથા બુદ્ધિ છે. તેથી જે મનુષ્ય સાંભળીને વિચાર કરતો નથી તે તત્ત્વને જાણી શકતો નથી.”

આ કહેવાની મતલબ એ છે કે-કાન વડે તમે ગમે તે પ્રકારના વિચારો, ગમે તે પ્રકારનાં વિવેચનો કે ગમે તે પ્રકારનાં વ્યાખ્યાનો સાંભળો તેમાં હરકત નથી, પણ એ વિચારો, વિવેચનો કે વ્યાખ્યાનો પર બુદ્ધિપૂર્વક વિચારો કરો કે ‘ એમાં કઈ બાબત વ્યાજબી છે અને કઇ બાબત ગેરવ્યાજબી છે ? ’ અથવા ‘ કઈ બાબત સંગત છે અને કઇ બાબત અસંગત છે ? ’ અથવા ‘ કઈ બાબત હિતકર છે અને કઇ બાબત અહિતકર છે ? ’ જો તેમ કરશો તો જ તમે સાચા તત્ત્વને પામી શકશો.

અને તે મહાપુરુષે એ પણ સ્પષ્ટ જણાવી દીધું છે કેઃ-

**“ नेत्रैर्निरीक्ष्य विषकण्टकसर्पकीटान्,
सम्यग् यथा व्रजति तान् परिहृत्य सर्वान् ।
कुज्ञानकुश्रुतिकुदृष्टिकुमार्गदोषान्,
सम्यग् विचारयथ कोऽत्र परापवादः ? ॥”**

જો કોઈ માણસ પોતાના માર્ગમાં ઝેરી કાંટાઓ, સાપ કે કીડાઓને પડેલા જોઇને તે બધાનો ત્યાગ કરવાપૂર્વક વધારે

સારા કે વધારે સહીસલામત માર્ગે ચાલે તો શું તેણે એ કાંટા, સાપ અને કીડાઓની નિંદા કરેલી ગણાય ? જો એનો જવાબ નકારમાં હોય તો જે પુરુષો કુજ્ઞાન, કુશ્રુતિ, કુદૃષ્ટિ અને કુમાર્ગને દોષરૂપ ગણીને તેનો ત્યાગ કરવાપૂર્વક સદ્જ્ઞાન, સત્શાસ્ત્ર, સદૃષ્ટિ અને સન્માર્ગને ગ્રહણ કરવાનું સૂચવે છે, તે કોઈની નિંદા છે, એવું કેમ મનાય ? હે સુજ્ઞો ! તમે એ બાબતનો વિચાર કરો.' તાત્પર્ય કે સત્ય–શોધનના હેતુથી જ્ઞાનનું, શાસ્ત્રનું કે માર્ગનું સ્વરૂપ વિચારવું અને તેમાં જે ખોટું હોય તેને ખોટું કહેવું તથા સાચું હોય તેને સાચું કહેવું, તેમાં કોઈની પણ નિંદા થતી નથી. તેમ છતાં જો કોઈ તેને નિંદા માની લે તો એ તેની સમજની જ ખામી છે. નિંદાની વ્યાખ્યા એ પ્રકારે કરવાથી તો આ જગત્માં સાચા અને ખોટાની અથવા સારા અને ખરાબની કે સત્ અને અસત્ની વિચારણા થવી જ મુશ્કેલ છે, પછી તેનો વિવેક કરવાની તો વાત જ ક્યાં રહી ? તેથી વિવેકપૂર્વક થતી સિદ્ધાંત–ચર્ચાને નિંદા ન માનતા સત્યનું શોધન સમજવું કે તત્ત્વનો નિર્ણય સમજવો અને તેના પર ખૂબ જ સ્વસ્થ ચિત્તે વિચાર કરવો.

## ૧૦. બોધિરત્ન

તત્ત્વનો વિશદતાપૂર્વક કે વિશેષતાપૂર્વક નિશ્ચય થાય એ પરમપદ ભણીનું પ્રશસ્ત પ્રસ્થાન છે કે જેનું મૂલ્યાંકન કોઈ પણ પાર્થિવ વસ્તુથી થઈ શકતું નથી, તેથી જ મહર્ષિઓએ તેને બોધિરત્નની સૂચક સંજ્ઞા આપેલી છે. તેઓ ભારપૂર્વક જણાવે છે કે:—

"मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।
आयुश्च प्राप्यते तत्र कथञ्चित् कर्मलाघवात् ॥
प्राप्तेषु पुण्यतः श्रद्धा-कथन-श्रवणेष्वपि ।
तत्त्वविनिश्चयरूपं तद् बोधिरत्नं सुदुर्लभम् ॥"

કર્મો કેટલાક અંશે હળવા થવાથી મનુષ્ય ભવ, આર્ય દેશ, ઉત્તમ જાતિ, પાંચે ઇંદ્રિયોની પૂર્ણતા અને (મનુષ્ય સંબંધી) આયુષ્ય પ્રાપ્ત થાય છે. વળી પુણ્યના યોગે ધર્મ કહેનારા મળી આવે છે, ધર્મ સાંભળવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે અને ધમ પ્રત્યે શ્રદ્ધા પણ પ્રકટે છે; પરંતુ તત્ત્વના નિશ્ચયરૂપ બોધિરત્નની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે.

## ૧૧. સમ્યક્ત્વનું મહત્ત્વ.

બોધિરત્નરૂપ તત્ત્વવિનિશ્ચયનું અપરનામ સમ્યક્ત્વ છે. તેનું મહત્ત્વ પ્રકાશતાં નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કેઃ-

"कुसमयसुईणं महणं सम्मत्तं जस्स सुट्ठिअं हियए ।
तस्स जगुज्जोयकरं नाणं चरणं च भवमहणं ॥"

જેના હૃદયમાં કુસમયની શ્રુતિઓનું એટલે કે ખોટા સિદ્ધાંતો રજૂ કરનાર શાસ્ત્રોનું નિરસન કરનાર સમ્યક્ત્વ સારી રીતે સ્થિર થયેલું છે, તેનું જ્ઞાન જગત્‌નો ઉદ્યોત કરનારું એટલે સમસ્ત પદાર્થોને જાણનારું બને છે તથા તેનું ચારિત્ર જન્મ-મરણના ફેરાનો નાશ કરનારું થાય છે. તાત્પર્ય કે-જ્ઞાન અને ક્રિયા પોતાનું વાસ્તવિક ફળ ત્યારે જ આપી શકે છે કે જ્યારે તે સમ્યક્ત્વના રંગે પૂરેપૂરાં રંગાયેલાં હોય.

## ૧૨. સમ્યક્ત્વનો અર્થ દેવ, ગુરુ અને ધર્મનો સત્ય નિર્ણય

સમ્યક્ત્વનો સામાન્ય અર્થ સમ્યક્પણું કે સત્યમયતા છે, પણ જે વિષય પરત્વે આ સત્યમયતા ધારણ કરવાની છે, તે અપેક્ષાએ મહર્ષિઓએ તેની વ્યાખ્યા નીચે મુજબ કહેલી છે–

"या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥"

સુદેવમાં દેવપણાની, સુગુરુમાં ગુરુપણાની અને સુધર્મમાં ધર્મપણાની બુદ્ધિ નિર્મલ હોય તો એ સમ્યક્ત્વ કહેવાય છે.

અહીં નિર્મલ શબ્દથી મલરહિત તે મિથ્યાત્વરહિત સ્થિતિ અપેક્ષિત છે, તેથી ઉક્ત મહર્ષિઓએ સમ્યક્ત્વની વ્યાખ્યા સાથે મિથ્યાત્વની વ્યાખ્યા પણ કહેલી છે. તે આ રીતેઃ—

" अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद् विपर्ययात् ॥"

અદેવમાં દેવપણાની, અગુરુમાં ગુરુપણાની અને અધર્મમાં ધર્મપણાની બુદ્ધિ હોવી એ તેના વિપરીતપણાને લીધે મિથ્યાત્વ કહેવાય છે.

આ બંને વ્યાખ્યાઓનો સાથે વિચાર કરતાં તાત્પર્ય એ નીકળે છે કે—

(૧) જે દેવનાં લક્ષણોથી યુક્ત હોય તેને દેવ માનવા એ સમ્યક્ત્વ છે અને જે દેવનાં લક્ષણોથી રહિત હોય, તેને દેવ માનવા એ મિથ્યાત્વ છે.

(૨) જે ગુરુનાં લક્ષણોથી યુક્ત હોય તેને ગુરુ માનવા એ સમ્યક્ત્વ છે અને જે ગુરુનાં લક્ષણોથી રહિત હોય તેને ગુરુ માનવા એ મિથ્યાત્વ છે.

(૩) જે ધર્મનાં લક્ષણોથી યુક્ત હોય તેને ધર્મ માનવો એ સમ્યક્ત્વ છે અને જે ધર્મનાં લક્ષણોથી રહિત હોય તેને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે.

આ તાત્પર્યમાં ઉપલક્ષણથી એટલું ઉમેરી શકાય કે—

(૧ अ) જે ખરેખર કુદેવ છે, તેને કુદેવ માનવા.

(૨ अ) જે ખરેખર કુગુરુ છે, તેને કુગુરુ માનવા.

(૩ अ) જે ખરેખરો કુધર્મ છે, તેને કુધર્મ માનવો.

એ સમ્યક્ત્વ છે. અને

(૧ आ) જે ખરેખર દેવ છે, તેને દેવ ન માનવા

(૨ आ) જે ખરેખર ગુરુ છે, તેને ગુરુ ન માનવા.

(૩ आ) અને જે ખરેખરો ધર્મ છે, તેને ધર્મ ન માનવો એ મિથ્યાત્વ છે.

આ જ વસ્તુને સમગ્રપણે કહેવી હોય તો એમ કહી શકાય કે:—

(૧) સુદેવને સુદેવ માનવા અને કુદેવને કુદેવ માનવા એ સમ્યક્ત્વ છે, અને સુદેવને કુદેવ માનવા કે કુદેવને સુદેવ માનવા એ મિથ્યાત્વ છે. (જે લક્ષણોથી યુક્ત છે, તેને માટે અહીં 'સુ' વિશેષણ વાપરેલું છે અને જે લક્ષણથી રહિત છે, તેને માટે 'કુ' વિશેષણ વાપરેલું છે.)

( ૨ ) સુગુરુને સુગુરુ માનવા અને કુગુરુને કુગુરુ માનવા એ સમ્યક્ત્વ છે અને સુગુરુને કુગુરુ માનવા કે કુગુરુને સુગુરુ માનવા એ મિથ્યાત્વ છે.

( ૩ ) સુધર્મને સુધર્મ માનવો અને કુધર્મને કુધર્મ માનવો એ સમ્યક્ત્વ છે અને સુધર્મને કુધર્મ માનવો કે કુધર્મને સુધર્મ માનવો એ મિથ્યાત્વ છે.

મિથ્યાત્વનો પરિહાર અને સમ્યક્ત્વનો સ્વીકાર એ આધ્યાત્મિક દીક્ષા છે, તેથી જે મુમુક્ષુ સમ્યક્ત્વનો સ્વીકાર કરવા ઇચ્છે છે, તેણે દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ યથાર્થ રીતે જાણી લેવું જ જોઇએ. તે પૈકી દેવનું સ્વરૂપ પ્રસ્તુત નિબંધમાં અને ગુરુ તથા ધર્મનું સ્વરૂપ ત્યાર પછીના નિબંધોમાં ક્રમશઃ આપવામાં આવ્યું છે.

## ૧૩. દેવના પર્યાયશબ્દો

વ્યવહારમાં જેને ઈશ, ઇશ્વર, પરમેશ, પરમેશ્વર, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેષ્ઠી, પ્રભુ કે ભગવાન કહેવામાં આવે છે, તેનો નિર્દેશ અહીં ‘ દેવ ’ તરીકે કરવામાં આવ્યો છે. તેના સ્વરૂપ સંબંધી વિચારણા કરવી એટલે કે ઇશ્વર કેવો હોય તેનો પરામર્શ કરવો એ પ્રસ્તુત પંક્તિઓનું પ્રયોજન છે.

## ૧૪. દેવ અથવા ઇશ્વર સર્વ પ્રવૃત્તિઓનો સંચાલક હોઈ શકે નહિ.

કેટલાક એમ કહે છે કે ‘ ઇશની આજ્ઞા વિના, નહીં પાંદડું હાલી શકે. ’ અર્થાત્ ‘ ઈશ્વરની મરજી વિના પાંદડું

હાલવા જેવી એક નાની ક્રિયા પણ થઈ શકતી નથી, તો અન્ય મોટી ક્રિયાઓ તો કયાંથી જ થઈ શકે? તાત્પર્ય કે-આ જગત્‌માં નાની મોટી જે કાંઈ ક્રિયાઓ થઈ રહેલી જણાય છે, તે ઈશ્વરને આભારી છે અથવા તો તેનું પ્રવર્ત્તન અને સંચાલન બંને ઈશ્વર જ કરે છે.' આવું વિધાન કરવાનો મૂળ આશય ઈશ્વરની મહત્તા દર્શાવવાનો છે, પરંતુ તેમ કરવામાં ઈશ્વરની મહત્તા પ્રકટ થાય છે કે લઘુતા? તે વિચારવાનું છે.

જો આ જગતની સર્વ ક્રિયાઓનું પ્રવર્ત્તન અને સંચાલન ઇશ્વરદ્વારા થતું હોય, તો તેમાં ચાલી રહેલી સર્વે પાપી પ્રવૃત્તિઓની જવાબદારી પણ તેના જ શિર પર આવે. દાખલા તરીકે એક માણુસ બીજા માણુસનું ખૂન કરે તો તેનો જવાબદાર તે માણુસ નહિ પણ ઇશ્વર જ ઠરે, કારણ કે જે કાંઇ થયું છે, તે ઇશ્વરની આજ્ઞાથી થયું છે. અથવા એક માણુસ બીજા માણુસનો વિશ્વાસઘાત કરી તેને તદ્દન કફોડી હાલતમાં મૂકી દે તો તેનો જવાબદાર તે માણુસ નહિ પણ ઈશ્વર જ ઠરે, કારણ કે તે કામ ઇશ્વરની આજ્ઞાને આધીન થયેલું છે. અથવા એક માણુસ બીજા માણુસની માલમિલકત ઉઠાવી જાય કે તેના ઘરમાં ખાતર પાડે તો તેનો જવાબદાર તે માણુસ નહિ પણ ઇશ્વર જ ઠરે, કારણ કે તેને તેમ કરવાની પ્રેરણા ઈશ્વર તરફથી થયેલી છે. અથવા એક માણુસ બીજા માણુસની સ્ત્રી સાથે વ્યભિચાર કરે કે કોઈ સતી સ્ત્રીની લાજ લૂંટે કે કોઇ પણ પાશવી અત્યાચાર કરે, તો તેની જવાબદારી તે માણુસની નહિ પણ ઈશ્વરની ઠરે; કારણ કે ઇશ્વરની આજ્ઞા હોવાથી જ તેણે તે તે પ્રકારનાં કાર્યો કરેલાં છે. આ રીતે મનુષ્યો ગમે તેવાં

અને ગમે તેટલાં બૂરાં કામો કરતાં હોય, તે બૂરાં કામોની જવાબદારી તેમની નહી પણ ઇશ્વરની જ ઠરે, કારણ કે જે કાંઈ થાય છે, તે બધું ઇશ્વરની આજ્ઞા કે મરજીથી જ થાય છે.

અહીં વિચારવાનું એટલું જ છે કે જો ઇશ્વર માનવામાં આવે છે તેમ ખરેખર મહાન, ન્યાયી, દયાળુ અને ભલો હોય તો તે આવાં તુચ્છ, અન્યાયી, નિર્દય અને બૂરાં કામો કેમ કરે? જેમ હસવું અને લોટ ફાકવો એ બે કાર્યો સાથે બની શકતા નથી, જેમ ઉત્તર અને દક્ષિણ એ બંને દિશામાં એક સાથે પ્રવાસ થઈ શકતો નથી અને જેમ દિવસ તથા રાત્રિ એક જ સ્થળે એકી વખતે સંભવી શકતા નથી, તેમ મહાન થવું અને તુચ્છ કામો કરવાં, ન્યાયી થવું અને અન્યાય કરવો, દયાળુ થવું ને હિંસા કરવી તથા ભલા થવું અને બૂરાઇના કામો કરવાં એ બે એકી સાથે બની શકતું નથી. તેથી જેઓ ઇશ્વરને સર્વ ક્રિયાઓનું પ્રવર્ત્તન અને સંચાલન કરનારો માને છે, તેમણે તેને મહાન, ન્યાયી, દયાળુ અને ભલો માનતાં અટકવું જોઇએ અથવા તેને મહાન, ન્યાયી, દયાળુ અને ભલો માનીને સર્વ ક્રિયાઓનું પ્રવર્તન તથા સંચાલન કરનારો માનતાં અટકવું જોઇએ. આ બે વિકલ્પોમાંથી કયો વિકલ્પ પસંદ કરવા યોગ્ય છે તે કોઇ પણ સુજ્ઞ જન સહેલાઈથી સમજી શકે તેમ છે; કારણ કે ઇશ્વરને મહાન, ન્યાયી, દયાળુ અને ભલો ન માનવામાં તેનું મહત્ત્વ કોઇ પણ રીતે જળવાતું નથી, જ્યારે બીજા વિકલ્પ અનુસાર તેની ઇશ્વરતા ટકી રહે છે. તાત્પર્ય કે— **દેવ અથવા ઇશ્વર આ જગત્‌ની સર્વ પ્રવૃત્તિઓનો સંચાલક હોઇ શકે નહિં.**

## ૧૫. ઈશ્વર મોટો કે શેતાન?

કેટલાક એમ કહે છે કે-આ જગત્માં જે કાંઇ સારાં કામો થાય છે, તે ઇશ્વરની આજ્ઞાથી થાય છે અને બૂરાં કામો થાય છે તે શેતાનની આજ્ઞાથી થાય છે. તાત્પર્ય કે 'ઇશ્વર તો મહાન, ન્યાયી, દયાળુ અને ભલો છે પણ શેતાન બૂરો છે' પરંતુ આ વિધાન પણ ઇશ્વરની માનવામાં આવેલી મહત્તાનો લોપ કરનારું જ છે. જો આ જગત પર એક જણને બદલે બે જણાની સત્તા ચાલતી હોય તો ઇશ્વર એ ઇશ્વર જ ન કહેવાય, કારણ કે ઇશ્વરનો અર્થ શ્રેષ્ઠ રાજકર્ત્તા કે સહુથી મહાન રાજકર્ત્તા એવો થાય છે. વળી આ જગતમાં સારાં કામો કરતાં બૂરાં કામો વધારે થાય છે, એટલે ઈશ્વરની સત્તા કરતાં શેતાનની સત્તાને વધારે જબરી, વધારે મોટી કે વધુ મહાન સ્વીકારવી પડે અને એ રીતે ઇશ્વર કરતાં શેતાન વધુ મોટો સાબિત થતાં સ્મરણ, વંદન, સ્તવન, પૂજન, ધ્યાન કે આરાધન ઇશ્વરનું નહિ પણ શેતાનનું જ કરવું ઘટે, કારણ કે ખરો ઇશ્વર-મોટો રાજ્ય કરનાર તો તે જ છે, પરંતુ તેમ કરવાનું કોઈ ભાગ્યે જ કબૂલ કરે છે, તેથી એ વાત સિદ્ધ છે કે સારાં કામો ઇશ્વરની આજ્ઞાથી થાય છે, એમ માનવું અસંગત અને અનર્થકારી છે.

## ૧૬. જગતનું સંચાલન શાથી થાય છે?

અહીં એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે 'આ જગતની સર્વ ક્રિયાઓનું પ્રવર્ત્તન તથા સંચાલન જો ઇશ્વર કરતો નથી, તો બીજું કોણ કરે છે? અથવા શાથી થાય છે?'

તેનો ખુલાસો એ છે કે–આ જગતની સર્વ ક્રિયાઓનું પ્રવર્ત્તન અને સંચાલન ઇશ્વર કે તેની પર્યાયવાચી કોઈ એક વ્યક્તિ-વડે થતું નથી, પણ સ્વયં થાય છે. જેમકે દિવાસળી ચાંપતાં રૂ સળગે છે, પાણી છાંટવાથી અગ્નિ ઓલવાઇ જાય છે, અનાજ ખાવાથી રસ, રક્ત વગેરે ધાતુઓ બને છે. તેમાં એક વસ્તુનો તે તે પ્રકારનો સ્વભાવ છે, માટે કારણો મળી આવતાં તે તે પ્રકારે કામ થાય છે. જો દીવાસળીનો સ્વભાવ સળગાવવાનો ન હોય અને રૂનો સ્વભાવ સળગવાનો ન હોય તો રૂ સળગવાની ક્રિયા બની શકે નહિ. જો પાણીનો સ્વભાવ અગ્નિને શમન કરવાનો અને અગ્નિનો સ્વભાવ પાણીથી શમવાનો ન હોય તો અગ્નિ ઓલવાઇ જવાની ક્રિયા બની શકે નહિ. તે જ રીતે અનાજમાં રસરૂપે પરિણમવાની શક્તિ છે, તેથી જ રસરૂપે પરિણમે છે, અન્યથા અનાજમાંથી રસ બનવાની ક્રિયા સિદ્ધ થાય નહિ. આ ક્રિયાઓમાં ઇશ્વરને વચ્ચે લાવવાની જરૂર નથી, કારણ કે તેમ કરવાથી કોઇ ઉપયોગી અર્થ સરતો નથી. દીવાસળીમાં ઈશ્વરે અગ્નિ પ્રગટાવ્યો અને તે અગ્નિને ઇશ્વરે રૂમાં મૂક્યો અને તે રૂને ઇશ્વરે સળગાવ્યું એમ કહેવું વ્યાજબી કે વ્યવહારુ નથી. તેમ છતાં દલીલની ખાતર માની લઇએ કે દીવાસળીમાં ઇશ્વરે અગ્નિ પ્રગટાવ્યો અને તે અગ્નિને ઇશ્વરે રૂમાં મૂક્યો અને તે રૂને ઇશ્વરે સળગાવ્યું તો અન્યત્ર તેથી વિરુદ્ધ ક્રિયાઓ થઈ રહી હોય તેનું કેમ? ઇશ્વર એક સ્થળે ઘાસની હોળી કરે અને બીજા સ્થળે પાછું ઘાસ ઉગાડે તેનો અર્થ શું? ઈશ્વર એક સ્થળે અનાજ પકવે અને બીજા સ્થળે દુકાળ પાડે તેનું પ્રયોજન શું? ઈશ્વર

એક સ્થળે નદીઓમાં પૂર લાવે ને બીજાં સ્થળે રેતી ઉડાડે તેમાં સિદ્ધાંત શું ?

આના પ્રત્યુત્તરમાં કદાચ એમ કહેવામાં આવે કે 'ઇશ્વરને જ્યાં જેવી જરૂર જણાય છે, ત્યાં તે તેવી રીતે કામ કરે છે.' તો એ ખુલાસો બીજા સંખ્યાબંધ નવા પ્રશ્નોને જન્મ આપે છે. ઈશ્વરને કયાં કેવી જરૂર જણાય છે ? તે કોઈ કારણ પરત્વે જણાય છે કે કારણ વિના ? જો કારણ પરત્વે જણાતી હોય તો તે પણ કારણને તાબેદાર છે, પણ સ્વતંત્ર નથી અને જો કારણ વિના જ તે ગમે તેમ કરતો હોય તો વિવેકહીન, અન્યાયી, અસ્વસ્થ અને તરંગી જ ગણાય. આમ ઉભય રીતે વિચાર કરતાં જગતમાં બની રહેલી ક્રિયાઓની વચ્ચે ઈશ્વરને લાવતાં તેનું ઇશ્વરપણું દૂષિત થાય છે, તેથી જગતની સર્વ ક્રિયાઓ સ્વયં ચાલી રહી છે, એમ માનવું જ વધારે સંગત છે.

## ૧૭. જગત અનાદિ-અનંત છે.

અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થવાની સંભાવના છે કે-જો જગત્‌ની બધી ક્રિયાઓ સ્વયં સંચાલિત હોય તો તે કયારે સંચાલિત થઇ અને કયાં સુધી ચાલશે ? એનો જવાબ એ છે કે-આ જગત્ પૂર્વકાળે હતું, તેના પૂર્વકાળે પણ હતું અને તેના પૂર્વકાળે પણ હતું. એ રીતે અનાદિકાલથી હતું. એટલે તેની કોઈ પણ ક્રિયા નવેસરથી સંચાલિત થઇ નથી. તાત્પર્ય કે-તે અનાદિ છે. તે જ રીતે આ જગત્ હવે પછી ચાલશે, તેની પછી પણ ચાલશે અને તેની પછી પણ ચાલશે તેથી તે અનંતકાળ સુધી ચાલશે. જો સમગ્ર જગત્‌નો વિચાર કરીએ

તો તેમાં કોઈ પણ વસ્તુ નવી આવતી નથી અને હોય છે તેનો મૂળથી નાશ થતો નથી. મનુષ્ય અનાજ, ઘી, દૂધ વગેરે ખાય છે, તેથી ક્રમશઃ સાત ધાતુની વૃદ્ધિ થાય છે અને તેનો પિંડ પોષાય છે. આ પિંડ ચેતનહીન થતાં તેને બાળી મૂકવામાં આવે છે કે દાટી દેવામાં આવે છે અને કોઇ કોઇના રિવાજ મુજબ તેને પક્ષીઓની આગળ ફેંકી દેવામાં આવે છે. એ દરેક સંયોગોમાં ચેતન ચેતનરૂપે સ્વતંત્ર રહી જાય છે અને બાકીનું પુદ્ગલ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપે પરિણત થાય છે. વળી તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વગેરે વડે અનાજની ઉત્પત્તિ થાય છે અને પાછું મનુષ્યના પેટમાં દાખલ થાય છે. તાત્પર્ય કે આ જગત્માં જેટલા અણુ–પરમાણુ છે તથા બીજાં પણ જે કાંઈ સનાતન દ્રવ્યો છે, તેમાં લેશમાત્ર પણ વધારો કે ઘટાડો થતો નથી. આધુનિક વિજ્ઞાનના પ્રયોગોએ આ વાતને બરાબર પુષ્ટિ આપી છે.

આ પ્રકારે સૃષ્ટિનું સંચાલન સ્વયં થઇ રહ્યું છે એ વાત યુક્તિ અને અનુભવથી સિદ્ધ છે, છતાં જે લોકોના મનમાં એવી વાત જોરથી ઠસી ગઇ છે કે–ઇશ્વર સૃષ્ટિનો સર્જનહાર છે, તેમને એ પ્રશ્ન થવાનો કે ' દરેક વસ્તુનો બનાવનાર કોઇ ને કોઇ હોય છે જ તો આ જગત્નો બનાવનાર પણ કોઇ કેમ ન હોય ? તાત્પર્ય કે હોય જ. અને તે બનાવનારને ઇશ્વર માનવામાં વાંધો શું ? ' આ પ્રશ્નનો ઉત્તર એ છે કે ' જો દરેક વસ્તુનો બનાવનાર કોઇ ને કોઈ હોય જ ' એવો સિદ્ધાંત સ્વીકારીએ તો ઇશ્વરને બનાવનારો પણ કોઇક હોવો જ જોઇએ એ વાતનો સ્વીકાર કરવો પડશે અને તેના બનાવનારનો બના-

વનાર પણ કોઈક હોવો જ જોઈએ તે વાતનો પણ સ્વીકાર કરવો જ પડશે. વળી તેને બનાવનાર પણ કોઈક માનવો જ પડે એમ તે પરંપરા અનંત બનશે. એટલે બધી વસ્તુનો સર્જનહાર ઈશ્વર છે, એ વાત તો ઊભી રહેશે જ નહિ. જ્યાં ઇશ્વરની પહેલાં તેને બનાવનારા અસંખ્ય-અનંત પેદા થયા હોય ત્યાં ઈશ્વરનું સર્જનહારપણું ક્યાં રહ્યું?

## ૧૮. ઈશ્વર જગતનો સંહારક હોઇ શકે નહિ.

હવે વિચારવાનું એ છે કે જે ઇશ્વર સર્જન કે સંચાલન કરી શકતો નથી તે તેનો નાશ કરી શકે કે કેમ? વળી આ જગત્માં કોઇ પણ વસ્તુનો આત્યંતિક નાશ તો થતો જ નથી. જે કંઇ થાય છે, તે તેનું પરમ સ્વરૂપ-પરિવર્તન જ થાય છે, તેથી ઇશ્વરને જગતનો સંહાર કરનારો માનવો એ પણ થડ વિનાની શાખા જેવું પ્રમાણહીન જ છે.

આ રીતે ઇશ, ઈશ્વર, પરમેશ્વર, ભગવાન, પ્રભુ કે દેવ સૃષ્ટિનો સર્જનહાર અથવા કર્ત્તા, પાલનહાર અથવા ભર્ત્તા અને સંહરનાર અથવા સંહર્ત્તા હોય એમ માનવાને કોઇ જ કારણ નથી, તેથી તેને સૃષ્ટિનો કર્ત્તા, ભર્ત્તા ને હર્ત્તા માનવો એ મિથ્યા છે, મિથ્યાત્વપોષક માન્યતા છે.

## ૧૯. આપણાં સુખ-દુઃખનો આધાર આપણાં કર્મો ઉપર છે.

કેટલાક મનુષ્યો એમ માને છે કે આપણે સુખ-દુઃખનો જે કાંઇ અનુભવ કરીએ છીએ, તે ઇશ્વરને લીધે કરીએ છીએ.

મતલબ કે આપણને જે કંઈ સુખ મળે છે, તે ઈશ્વર આપે છે અને જે કંઇ દુઃખ ભોગવીએ છીએ તે પણ ઇશ્વર આપે છે. તેથી હમેશાં તેઓ પ્રાર્થના કરે છે કે 'હે ઈશ્વર ! તું મને સુખી કર.' પરંતુ આ માન્યતા પણ ઉપરની માન્યતા જેવી જ અર્થહીન છે. ઇશ્વરને એવું શું પ્રયોજન કે તે કોઇને સુખી કરે અને કોઇને દુઃખી કરે ? અને ખરેખર તે એમ કરતો હોય તો તેના જેવો અન્યાયી અને પક્ષપાતી બીજો કોણ ગણાય ? જો સુખ આપવાનું ઈશ્વરના હાથમાં છે, તો સહુ કોઇને તે સુખી કેમ કરતો નથી ? શા માટે તે એકને શ્રીમંત અને બીજાને ભિખારી બનાવે છે ? શા માટે તે એકને બુદ્ધિશાળી અને બીજાને જડ બનાવે છે ? શા માટે તે એકને બળવાન અને બીજાને નિર્બળ રાખે છે ? શા માટે તે એકને સજ્જન અને બીજાને દુર્જન બનાવે છે ? શા માટે તે એકને ઊંચો અને બીજાને નીચો બનાવે છે ? શા માટે તે એકને મેવા મીઠાઇ ખવડાવે છે અને બીજાને સૂકો રોટલો પણ આપતો નથી ? આ પ્રશ્નોનો ઉત્તર એમ આપવામાં આવે કે 'ઇશ્વર તો ન્યાયી અને અદલ ઈનસાફી છે, તેથી તે કોઈ પણ પ્રકારનો અન્યાય કે ગેરઇનસાફ કરતો નથી પરંતુ જેમનાં કર્મો સારાં હોય છે, તેમને તે સુખ આપે છે અને જેમનાં કર્મો ખોટાં હોય છે તેમને તે દુઃખ આપે છે.' તો એનો અર્થ એ થયો કે પ્રાણીઓનાં સુખ-દુઃખનો આધાર ઈશ્વર પર નથી પણ પોતાનાં કર્મો ઉપર છે. એટલે એક મનુષ્ય સારાં કામો કરે તો તેને સુખ મળે છે અને ખોટાં કામો કરે તો દુઃખ મળે છે.

આપણો નિત્ય અનુભવ પણ એમ જ કહે છે કે 'વાવીએ

તેવું લણીએ અને કરીએ તેવું પામીએ' એટલે ખેતરમાં જો ડાંગર વાવીએ તો ડાંગર ઊગે છે, બાજરી વાવીએ તો બાજરી ઊગે છે, ઘઉં વાવીએ તો ઘઉં ઊગે છે અને મગ, મઠ, ચોખા કે ચણા વાવીએ તો મગ, મઠ, ચોખા કે ચણા ઉગે છે; પણ તેથી વિરુદ્ધ ડાંગર વાવીએ ને બાજરી ઊગે કે બાજરી વાવીએ ને ડાંગર ઊગે અથવા ઘઉં વાવીએ ને મગ ઊગે કે મગ વાવીએ ને ઘઉં ઊગે અથવા ચોખા વાવીએ ને ચણા ઊગે કે ચણા વાવીએ ને ચોખા ઊગે તેમ બનતું નથી. તે જ રીતે જો નિયમિત પથ્ય આહાર લઈએ તો આરોગ્ય જળવાય છે અને અનિયમિત કુપથ્ય આહાર ગ્રહણ કરીએ તો તંદુરસ્તી શીઘ્ર બગડે છે; સંયમી અને સદાચારી જીવન ગાળીએ તો શરીરસુખકારી જળવાઈ રહે છે અને સ્વચ્છંદી તથા દુરાચારી જીવન ગાળીએ તો અનેક જીવલેણ દર્દોનો હુમલો થાય છે; કરકસરથી રહીએ તો વ્યવહાર બરાબર ચાલે છે અને ઊડાઉ થઈએ તો દેવાળીઆ બનવાનો વખત આવે છે; ખંત અને ચિવટથી વિદ્યાભ્યાસ કરીએ તો જ્ઞાની બનાય છે અને આળસુ કે બેદરકાર થઈએ તો મૂઢની પંક્તિમાં બેસવાનો વખત આવે છે અથવા પ્રમાણિકપણે ફરજ બજાવીએ તો પ્રાપ્ત થયેલું સ્થાન દિન-પ્રતિદિન ઊંચું થતું જાય છે, અને નિમકહરામ કે બેવફા બનીએ તો કાળી ટીલી સાથે તે સ્થાનથી નીચું ઉતરવું પડે છે, પણ તેથી વિરુદ્ધ નિયમિત પથ્ય આહાર ગ્રહણ કરનારો બિમાર પડે અને અનિયમિત કુપથ્ય આહાર ગ્રહણ કરનારા તંદુરસ્ત રહે અથવા સંયમી અને સદાચારી રોગી બને અને સ્વચ્છંદી તથા દૂરાચારીની શરીરસુખકારી જળવાઇ રહે, અથવા કરકસરીઆનો વ્યવહાર તૂટે, ને ઉડાઉનો વ્યવહાર જળવાઇ રહે, અથવા ખંત અને ચીવટવાળો

મૂઢ રહે અને આળસુ કે બેદરકાર જ્ઞાની બની જાય કે પ્રમાણિકપણે ફરજ બજાવનારો બેઆબરૂ થાય અને હરામી તથા બેવફાનું સ્થાન ઉન્નત થાય તેમ બનતું નથી. કદાચ આ ક્રમમાં કોઈ ફેરફાર જોવામાં આવે તો તેના ખાસ કારણો હોય છે કે જે આપણે જલદી જોઈ કે જાણી શકતા નથી; પરંતુ તેનો અર્થ એ નથી કે-સારાનું ફળ બૂરું આવે છે અને બૂરાનું ફળ સારું આવે છે. અથવા જો એમ જ થતું હોય તો આ જગતમાં સત્કર્મ, સદાચાર, ન્યાય, નીતિ કે ધર્મ જેવી કોઇ વસ્તુની આવશ્યકતા રહે જ નહિ, કારણ કે તેનું ફળ નિશ્ચિત નથી અને ફળની નિશ્ચિતતા વિના સુજ્ઞજનો કાંઈ પણ પ્રવૃત્તિ આદરતા નથી, એટલે **'સારાનું ફળ સારું અને બૂરાનું ફળ બૂરું'** એ એક અટલ અફર નિયમ છે કે જેમાં કોઈ પણ કાંઈ પણ ફેરફાર કરી શકતું નથી. તેથી એમ માનવું સર્વ રીતે યોગ્ય છે કે **આપણાં સુખ દુઃખનો આધાર આપણાં કર્મો ઉપર છે** અને ઇશ્વરને તેમાં કાંઇ પણ લેવા-દેવા નથી.

## ૨૦. પાપોની માફી આપવાનું કામ ઇશ્વરનું નથી.

કેટલાક ભોળા મનુષ્યો એમ માને છે કે 'આપણે ગમે તેવાં બૂરાં કામો કરીશું પણ ઈશ્વર આગળ રડી પડીશું કે ઘુંટણીએ પડીને તેની પ્રાર્થના કરીશું એટલે તે આપણાં પાપો માફ કરી દેશે, કારણ કે તે અતિ દયાળુ છે.' પરંતુ તેઓ ભૂલી જાય છે કે-ઇશ્વર જો માનવામાં આવે છે તેમ શ્રેષ્ઠ રાજકર્ત્તા હોય તો પોતાના તંત્રમાં ચાલી રહેલી કાયદેસરની

પ્રવૃત્તિમાં કોઈ પણ પ્રકારની ડખલગીરી કરે જ નહિ કે જે રીતે આજનો કોઇ પણ સુજ્ઞ બંધારણીય રાજકર્ત્તા પોતાના કાયદેસરના તંત્રમાં ડખલગીરી કરતો નથી. તાત્પર્ય કે-જે મનુષ્યોએ-જે પ્રાણીઓએ જેવાં કર્મો કર્યાં હોય છે, તેમને તેવાં પ્રકારનું ફળ ભોગવવું પડે છે અને ઇશ્વર તેમાં વચ્ચે આવી શકતો નથી. વળી તે અંતરજામી હોવાથી જાણતો હોય છે કે આ દુનિયાના માણસો વાંકમાં કે ગુનામાં આવે ત્યારે ગરીબડી ગાય જેવા બની જાય છે પણ તેમના માથે તોળાતી શિક્ષાનો ડર ઓછો થઈ ગયો કે ફરી તે સાવજની માફક ઘૂરકવા લાગે છે અને પોતાની પુરાણી આદતો મુજબ ફરીને પાપપ્રવૃત્તિમાં લીન થાય છે. એટલે તે આજીજીભર્યાં વચનો કે આંસુથી ભોળવાઈ જાય તેવો સંભવ નથી, અને માનો કે કદાચ તે મનુષ્યોનાં દંભભરેલાં વચનોથી ભોળવાઇ ગયો તો તેને માનવામાં આવે છે તેવો અંતરજામી તે ક્યાં રહ્યો ? તાત્પર્ય **કે-પાપોની માફી આપવાનું કામ ઇશ્વરનું નથી.**

## ૨૧. ચિત્ર-વિચિત્ર પ્રાર્થનાઓ.

ઇશ્વર સૃષ્ટિનો કર્ત્તા-હર્તા છે અને પ્રાણીઓનાં સુખ-દુઃખનો સ્વામી છે, એ મંતવ્યના આધારે તેની આગળ કેટલી ચિત્ર-વિચિત્ર માગણીઓ કરવામાં આવે છે ? એક ખેડૂત કહે છે કે—

**ધોળા ધમરાની જોડ કે અષાડાં વાવણાં,**<br>
**ઘેર પાતલડી નાર કે પુતર ધાવણાં;**<br>
**ભગરી ભેંશનું દૂધ કે ચડવાને ઘોડલાં,**<br>
**એટલું દે કૃપાનાથ ! ફરી ના બોલણાં.**

હે કૃપાનાથ ! હે ઇશ્વર ! તું મને બે મોટા ધોળા બળદ આપ અને બરાબર અષાડ મહિને વાવણી કરી શકું તે રીતે વરસાદ વરસાવ. તે સાથે મને પાતળી એવી સ્ત્રી આપ કે જે મારા ઘરનું બધું કામ સંભાળી લે અને તેને છોકરાં પણ થાય કે જેને રમાડીને હું રાજી થાઉં. તે ઉપરાંત મને ભગરી ભેંશ આપ કે જેનું દૂધ ઘી ખાઇને અમે તાજાં રહીએ અને તે સાથે એક ઘોડો પણ આપ કે જેના પર બેસીને હું ખેતરની ચોકી કરી શકું કે ગામ-પરગામ જઈ શકું.

ગોવિંદ એટલે વિષ્ણુ ભગવાન પ્રસન્ન થતાં એક અંધ કુંવારો વણિક કહે છે કે ‘ હે દીનદયાળ ! તમે મારા પર પ્રસન્ન થયા હો તો મારા વચેટ પુત્રની વહુ મારા મકાનના સાતમા માળે સોનાની ગોળીમાં છાશ કરતી હોય તેવું દૃશ્ય મારા રત્નજડિત હિંડોળા પર બેઠો બેઠો હું જોઇ શકું. ’ મતલબ કે મારે સ્ત્રી નથી તે સ્ત્રી મળે, વળી તેને ત્રણ પુત્રો થાય અને તે બધાનાં લગ્ન થાય, કારણ કે તેમ થયા વિના વચેટ પુત્રની વહુ ઘરમાં આવી શકે નહિ; વળી મારે સાત માળની હવેલી થાય, તેમાં રત્નજડિત હિંડોળો થાય અને છાશ કરવાની ગોળી પણ સોનાની થાય. તે સાથે મારી આંખનો અંધાપો દૂર થાય અને હું લાંબું જીવું, કારણ કે તેમ થાય તો જ ઉપર કહેલું દૃશ્ય જોઇ શકાય. ગોવિંદ તેને ‘તથાસ્તુ’ કહે છે.

એક મુસલમાન બાઇનો મહમ્મદ નામે છોકરો બિમાર પડ્યો છે. તે અલ્લાહને ઘુંટણીએ પડીને કહે છે કે ‘ હે અલ્લા-મીયા! મારા મામદને તું જલદી સાજો કરી દે. જો તું એને જલદી સાજો કરી દઇશ તો તને આભ જેવડી રોટી ચડાવીશ.’ આ શબ્દો

પેલો બિમાર મહમ્મદ સાંભળે છે. એટલે તે બોલી ઊઠે છે કે 'મા, મા, તું અલ્લામીયાને આભ જેવડી રોટી ચડાવવાનું કહે છે પણ એવડો તવો કયાંથી લાવીશ?' મતલબ કે રોટી કરતાં તવો મોટો જોઈએ એટલે આભ જેવડી રોટી બનાવવા માટે તવો આભ કરતાં પણ મોટો જોઈએ અને આભ કરતાં તો કોઈ વસ્તુ મોટી નથી. ત્યારે પેલી બાઈ કહે છે કે 'બેટા, ચૂપ રહે! હું તો અલ્લામીયાને ફોસલાવું છું!'

જેને અલ્લાહ એટલે સર્વથી મોટો અને અંતરજામી માનવામાં આવે છે, તેની પણ ફોસલામણી? ખરેખર! ગરજવાનને અક્કલ હોતી નથી, તે વાત સાવ સાચી છે. અથવા તો મનુષ્યની જેવી કલ્પના અને જેવી બુદ્ધિ તે પ્રમાણે જ તે ઇશ્વરને માની લે છે. એટલે કે તેની સ્થિતિ કૂવાના દેડકા અથવા ઢેડના પંચ જેવી છે.

## ૨૨. કૂવાના દેડકાનું દૃષ્ટાંત.

એક વાર સરોવરનો કોઈ દેડકો કોઈ પણ પ્રકારે એક કૂવામાં ગયો. ત્યાં કૂવામાં રહેલા દેડકાએ તેને પૂછયું કે 'ભાઇ! તું કયાંથી આવે છે?' તે વખતે પેલા દેડકાએ કહ્યું કે 'સરોવરમાંથી.' હવે કૂવાનો દેડકો કોઇ પણ વખત કૂવો છોડીને બહાર નીકળ્યો ન હતો, એટલે તેણે કૂવા સિવાય બીજી કોઇ વસ્તુ જોઈ ન હતી; તેથી પેલા દેડકાને પૂછયું કે 'સરોવર એટલે શું?'

સરોવરના દેડકાએ કહ્યું: 'સરોવર એટલે પાણીનું ઘણું જ મોટું સ્થાન.'

કૂવાનો દેડકો: 'ઘણું જ મોટું એટલે કેટલું? શું તે આ કૂવાના ચોથા ભાગ જેટલું છે?'

સરોવરનો દેડકો: 'અરે! એનાથી ઘણું જ મોટું.'

કૂવાનો દેડકો: 'તો શું આ કૂવાના અર્ધા ભાગ જેટલું મોટું છે?'

સરોવરનો દેડકો: 'અરે ભાઇ! એનાથી પણ ઘણું જ મોટું'

કૂવાનો દેડકો: 'ત્યારે શું તે આ કૂવાના પોણા ભાગ જેટલું મોટું છે?'

સરોવરનો દેડકો: 'અરે ભાઇ! એના કરતાં પણ ઘણું જ મોટું.'

કૂવાનો દેડકો: 'ત્યારે શું તે આ આખા કૂવા જેટલું મોટું છે?'

સરોવરનો દેડકો: 'અરે ભાઇ! એના કરતાં પણ ઘણું જ મોટું.'

કૂવાનો દેડકો: 'ત્યારે તારી વાત તદ્દન જૂઠી. મેં મારી આખી જિંદગીના અનુભવથી જોયું છે કે આ જગતમાં મોટામાં મોટી વસ્તુ એ કૂવો છે અને તેનાથી વધારે મોટું બીજું કાંઈ નથી, માટે સરોવર કૂવા કરતાં મોટું હોય એ વાત માનવા જેવી નથી.'

## ૨૩. ઢેડનાં પંચનું દૃષ્ટાંત.

એક વાર બીરબલનો કાંઈક વાંક આવ્યો ત્યારે બાદશાહે તેનો દંડ કરવાનું ધાર્યું. તે વખતે ચતુર બીરબલે કહ્યું કે

'જહાંપનાહ! મેં આખી જિંદગી આપની તાબેદારી ઉઠાવી છે, તો આપની પાસેથી હું એટલું માગી લઉં છું કે આપને મારો દંડ કરવો હોય તો ખુશીથી કરો, પણ હું કહું તેની આગળ કરાવો.' તે સાંભળીને બાદશાહે કહ્યું કે 'વારુ, તેમ કરવામાં આવશે.' એટલે બીરબલે કહ્યું કે 'મારો દંડ ઢેડના પંચની પાસે કરાવો.'

વચનથી બંધાયેલા બાદશાહે ઢેડના પંચને બોલાવ્યું અને કહ્યું કે 'બીરબલે એક મોટો ગુનો કર્યો છે; માટે તેનો ભારેમાં ભારે દંડ કરવો છે. એ દંડ કરવાનું કામ તમને સોંપું છું, માટે વિચાર કરીને જણાવો કે તેનો કેટલો દંડ કરવો?'

ઢેડનું પંચ વિચાર કરવા બેઠું.

એકે કહ્યું: 'લવાનો સાત વીસું દંડ કરો કે જેથી તે યાદ કરી જાય.'

બીજાએ કહ્યું: 'અધધ! સાત વીસું. એટલો દંડ ભરતાં તો લવાના ખોરડાં પર નળિયું યે નહિ રહે, માટે કાંઇક વિચાર કરીને દંડ કરો.'

ત્રીજાએ કહ્યું: 'તો પાંચ વીસું દંડ કરો.'

ચોથાએ કહ્યું: 'એ દંડ પણ ઘણો ભારે કહેવાય. એટલો દંડ કરશો તો બિચારાનાં બાયડી છોકરાં રઝળી પડશે, માટે કાંઇક રહેમ રાખો. બાદશાહે આપણને ભારે દંડ કરવાનું કહ્યું છે, તેનો અર્થ એ નથી તે તેને સાવ રઝળતો કરી મૂકવો.'

પાંચમાએ કહ્યું: 'ત્યારે એમ કરો તે તેનો ત્રણ વીસું ને

દસ રૂપીઆ દંડ કરીએ, એટલે લવો મરી પણ ન જાય અને દંડ ભારે પણ કહેવાય.'

તે સાંભળીને બધાએ કહ્યું: 'આ વાત સાચી, આ દંડ પણ ભારે જ કહેવાય.'

પછી તેમણે બાદશાહને જણાવ્યું કે 'બાદશાહ સલામત! અમે બહુ વિચાર કરીને નક્કી કર્યું છે કે લવાનો ભારેમાં ભારે દંડ કરવો હોય તો ત્રણ વીસું ને દસ રૂપીઆનો દંડ કરો.'

એ સાંભળીને બાદશાહ તાજુબ થઈ ગયો. 'માત્ર સીત્તેર રૂપીઆનો દંડ અને તેને આ લોકો ભારેમાં ભારે કહે છે?' પણ તેનો સ્વીકાર કર્યા વિના ઉપાય ન હતો, એટલે તેણે એનો સ્વીકાર કર્યો અને બીરબલે આ પસંદગી કરવામાં પણ ભારે ચતુરાઈ દાખવી હતી એમ જાણીને તેને સાબાશી આપી.

કહેવાનું તાત્પર્ય એ છે કે–જે મનુષ્યોની કલ્પના ઘણી ટૂંકી છે અને બુદ્ધિનો વિકાસ થયો નથી, તેઓ એક વસ્તુનું ભવ્ય અને મહાન સ્વરૂપ પણ પોતાની કલ્પના કે બુદ્ધિ અનુસાર જ કલ્પી લે છે. આ વાતનો વધારે સ્પષ્ટ ખ્યાલ નીચેના દૃષ્ટાંત પરથી આવી શકશે.

## ૨૪. ઇશ્વર સંબંધી પશુઓમાં થયેલો વાદવિવાદ.

એક જંગલમાં બધાં પશુઓ એકઠાં થયાં અને ઇશ્વર અથવા ભગવાન કેવો હોય તેનો નિર્ણય કરવા બેઠા. તે વખતે સિંહે ઊભા થઇને કહ્યું કે 'બંધુઓ! હું માનું છું કે ભગવાન ઘણો પરાક્રમી હોવો જોઇએ, કારણ કે પરાક્રમી વિના કોઇ

રાજ્ય કરી શકે નહિ. વળી પરાક્રમીને માથે સુંદર કેશવાળી હોય છે, એટલે ભગવાનને સુંદર કેશવાળી જરૂર હશે.' આ સાંભળીને વાઘ ઊભો થયો અને તેણે કહ્યું કે 'બંધુઓ! ભગવાન ઘણો જબરો હોવો જોઈએ અને જબરાના શરીરે પીળા અને કાળા ચટાપટા હોય છે એટલે તેના શરીરે પણ પીળા અને કાળા ચટાપટા હશે.' તે સાંભળીને હાથી ઊભો થયો અને તેણે કહ્યું કે 'મહેરબાનો! સિંહ અને વાઘની વાત સાંભળીને મને ઘણી જ નવાઈ લાગે છે કે ભગવાનને તેઓ કેશવાળીવાળો અને પીળા તથા કાળા ચટાપટાવાળો કહે છે. આ વાત તદ્દન ખોટી છે અને તેનો પુરાવો હું પોતે જ છું. હું મહાન હોવા છતાં મારા માથે કેશવાળી નથી કે મારા શરીરે પીળા કે કાળા ચટાપટા પણ નથી. તેથી ભગવાન મહાન હોય તો તેનું શરીર ઘણું જ મોટું હોવું જોઈએ અને તેની સૂંઢ ઘણી જ લાંબી હોવી જોઈએ કે જેથી તે ગમે તેવી વસ્તુને ઉપાડી લે અને ગમે ત્યાં ગોઠવી શકે.'

તે સાંભળીને ઘોડાએ કહ્યું: 'ભગવાન જેવા ભગવાન માટે તમે આ કેવી વાતો કરો છો? ભગવાન જ્યારે આખી સૃષ્ટિનું સંચાલન કરે છે ત્યારે તે ઘણો જ ચપળ અને વેગવાન હોવો જોઈએ. હું કહું છું કે તે એક કલાકમાં પચીશ-પચાશ ગાઉ જેટલું દોડતો હશે.'

તે સાંભળીને બળદે કહ્યું: 'તમારા લોકોની વાત માનવા લાયક નથી. ભગવાનને નથી તો હોતી કેશવાળી કે નથી તો હોતા શરીરે પીળા અને કાળા ચટાપટા. વળી તેને ભૂંડી લજામણી શૂંઢ પણ શા માટે હોય? અને તેને કલાકના

પચીસ–પચાસ ગાઉ દોડવાનું પ્રયોજન શું ? જે ભગવાન આખી દુનિયાનો ભાર ખેંચે છે, તે રૂષ્ટ, પુષ્ટ અને મોટી ખુંધવાળો હોવો જોઈએ કે જે દેખાવમાં પણ સુંદર લાગે.'

તે સાંભળીને ગધેડાએ કહ્યું કે 'આ કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી' એવો ઘાટ થઈ રહ્યો છે ! હું કહું કે....

પણ તે જ વખતે કૂતરો અને શિયાળ ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે '.આ સભામાં વ્યક્તિગત આક્ષેપો થાય તે ઠીક નહિ, માટે આ ગધેડાએ અમારા માટે જે શબ્દો વાપર્યા છે, તે પાછા ખેંચી લેવા જોઇએ.'

ગધેડાએ કહ્યું: 'મેં તો જેવું હતું તેવું કહ્યું છે. તેમાં આક્ષેપ શાનો ? શું તાજું હાડકું મળી આવ્યું હોય તો કૂતરો ગામ ભણી અને શિયાળ સીમ ભણી તાણતા નથી ? વળી આવી નાની બાબતમાં ઉશ્કેરાઇ જવું એ ઠીક નથી, માટે પીઠ મારા જેવી મજબૂત રાખો અને બે શબ્દ કડવાં કહેવાય તો પણ સાંભળતાં શીખો. હું કહું છું કે ભગવાન ઘણો જ સહનશીલ હશે, નહિ તો તે જીવી જ કેમ શકે ? આ દુનિયામાં એવાં એવાં ગુનાઓ અને પાપો થઈ રહ્યાં છે, કે જેને જોઇને કમકમાં આવે પણ ભગવાન એ બધું જોવા છતાં જીવતો રહ્યો છે, એટલે મને લાગે છે કે તે ઘણો જ સહનશીલ હોવો જોઇએ.'

તે સાંભળીને કૂતરાએ કહ્યું કે 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ વાત તદ્દન સાચી છે, નહિ તો સહુ આ રીતે ભગવાનનું સ્વરૂપ વર્ણવે નહિ. હું પૂછું છું કે ભગવાનને શામાટે કેશ-

વાળી હોવી જોઇએ ? એ શું પરાક્રમની નિશાની છે ? એવી કેશવાળી તો ઘોડા, ખચ્ચર અને આ ગધેડાભાઈને પણ હોય છે. વળી રંગીન ચટાપટાની પણ શું જરૂર છે ? અને કાળા લીંટાઓ તો કાળાં કામની નિશાની છે. વળી નાક અતિ મોટું હોય તેમાં શોભા શી ? મુખનાં અવયવો સપ્રમાણ હોય તે જ શોભે. અને ભગવાનને દોડવાની જરૂર શી કે એ કલાકના પચીશ-પચાશ માઇલ દોડે ? એ તો બધે વ્યાપીને રહેલો છે. અને તે ખૂબ રૂષ્ટપુષ્ટ અને મોટી ખુંધવાળો શામાટે જોઇએ ? એ કાંઈ સુંદરતાની નિશાની નથી. મનુષ્યોને પૂછી જુઓ કે ખુંધવાળાને માટે તેઓ કેવો અભિપ્રાય ધરાવે છે એટલે તે વાતની ખાતરી થશે. વળી આ ગર્દભભાઈ કહે છે તેમ ભગવાન જો સહનશીલ જ હોય અને બધું ઠંડા પેટે જોયા કરતો હોય તો આ દુનિયાની રખેવાળી કરે કોણ ? એટલે હું કહું છું કે ભગવાન તો અતિ અલ્પ નિદ્રાવાળો અને સજાગ હોય તથા નાનકડા શરીરવાળો અને સ્ફૂર્તિમંત હોય કે જેથી બધાં કાર્યો સારી રીતે કરી શકે.'

તે સાંભળીને બકરાએ કહ્યું કે 'મારો નમ્ર અભિપ્રાય એવો છે કે ભગવાન આ સિંહ અને વાઘ જેવો જુલ્મી ન હોય કે હાથી જેવો અભિમાની અને ઘોડા જેવો ચપળ પણ ન હોય. વળી તે બળદ જેવો બેવકૂફ કે ગધેડા જેવો ગમાર પણ ન હોય અને આ કૂતરાભાઈ કહે છે તેવો આખી રાતના ઉજાગરા કરનારો એટલે સદા ચિંતાવાળો પણ ન હોય, પરંતુ અતિ ન....

ત્યાં જ સિંહ અને વાઘે ગર્જના કરી કે એક બકરો આ

રીતે બોલવાની હિમ્મત કરે છે તે ઘણું જ વધારે પડતું છે. અમે શું જુલ્મી છીએ? એટલે હાથીએ પણ ચિત્કાર કર્યો કે મને અભિમાની કહેનારો આ બકરો કોણ? અને ઘોડો પણ તેજ વખતે હણહણી ઉઠ્યો કે બકરાએ ચપળ શબ્દનો ઉપયોગ ચંચળના અર્થમાં કર્યો છે કે જે કોઇ રીતે વ્યાજબી નથી એટલે બળદે પણ બરાડીને કહ્યું કે મને બેવકૂફ કહેનારો આ બકરો કોણ? પણ ગધેડો સહનશીલ હોવાથી પોતાને ગમાર કહેવા બદલ કાંઇ બોલ્યો નહિ. આ રીતે સભાનું વાતાવરણ ગરમ થઇ જવાથી સસલો ઊભો થયો અને તેણે ઠાવકાઈથી કહ્યું કે ' બંધુઓ ! કોઈએ ગરમ થવાની જરા પણ જરૂર નથી. આ બકરાએ જે કાંઈ કહ્યું તે સાચું છે. સિંહ અને વાઘ નિર્દોષ પ્રાણીઓને ફાડીને ખાય છે તે શું જુલ્મ નથી? વળી હાથી આખો દિવસ પોતાનું નાક આમથી તેમ હલાવ્યા જ કરે છે, તે અભિમાન સિવાય થોડું જ બની શકે? અને ઘોડો પણ ચાબુકનો ચમકાર થતાં જ દોડવા માંડે છે તે ચપળતા સિવાય ઓછું જ બને? વળી બળદની અક્કલ માટે કોઈનો અભિપ્રાય સારો નથી. તેથી જ મનુષ્ય જાતિના પ્રાણીઓ પોતાના કોઇ ભાઇની અક્કલ ઓછી છે તેમ જણાવવું હોય ત્યારે કહે છે કે ' એ તો બળદ છે બળદ! અર્થાત્ તેનામાં કાંઇ અક્કલ નથી.' આખો દિવસ વૈતરું જ કર્યા કરવું અને કોઇ પણ જાતનો આનંદ-વિનોદ ન કરવો એટલે અક્કલનું અધૂરાપણું દેખાય તેમાં નવાઇ નથી, અને ગધેડાએ જો કે બકરાના અભિપ્રાય સામે ફરિયાદ ઉઠાવી નથી, પણ મનમાં તો તે સમજતો હશે કે મને ગમાર કેમ કહ્યો?

પરંતુ એને માટે એ ઉપમા સાચી છે, કારણ કે જે ઇશારે વાત સમજે નહિ અને બે ચાર ડફણાં પડે, ત્યારે જ એક વાત મગજમાં ઉતારે તે ગમાર જ કહેવાય અને કૂતરાભાઇ ભગવાનને આખી રાતના ઉજાગરા કરનારો બતાવે છે, પણ ભગવાને તે એવી શી ભાંગ ખાધી છે કે તેને એ પંચાતમાં ઉતરવું પડે? અમારો અનુભવ તો એવો છે કે 'મોટાનાં દરસણ ખોટાં' હોય છે, માટે ભગવાન મોટો નહિ પણ નાનો હોવો જોઇએ અને તે મારતે મીયાં કે જુલ્મી નહિ પણ સરળ અને નિર્દોષ હોવો જોઇએ.'

તે જ વખતે શિયાળીઆએ લારી કરીને કહ્યું કે 'આ વાતનો અંત આવે તેમ લાગતું નથી, માટે એમ કરો કે અત્યારે તો સહુ થાળીએ પધારો અને ફરી બીજા યોગ્ય વખતે ભગવાન કેવો હોય તેનો ફેંસલો કરીશું.'

બધાના પેટમાં બરાડા બોલવા લાગ્યા હતા એટલે શિયાળની એ દરખાસ્ત સહુના ગળે ઉતરી ગઈ અને તેઓ પોત પોતાનાં ઠેકાણે ઉપડી ગયા.

## ૨૫. ઇશ્વર તો આદર્શ જ હોવો જોઇએ.

આ જ સ્થિતિ મનુષ્યોની છે. તેઓએ પણ ઇશ્વરને તેને પોતાની કલ્પના પ્રમાણે સુંદર ભોજન ઉડાવતો, પિતાંબર અને પટકુળ પહેરતો, શંખ, ચક્ર, ગદા, ધનુષ્ય કે ત્રિશૂળ આદિ શસ્ત્રોને ધારણ કરતો તથા સ્ત્રીની સંગાથે ભોગ ભોગવતો કલ્પ્યો છે. પણ એ વિચાર નથી કર્યો કે ભગવાન જો એવો પ્રાકૃત હોય તો તેને સ્મરવાની, ભજવાની, પૂજવાની કે આરાધવાની જરૂર શી? તાત્પર્ય કે-

ઈશ્વર તો આદર્શ જ હોવો જોઇએ કે જેનામાં સર્વ ગુણો હોય પરંતુ એક પણ દોષ ન હોય. બીજી રીતે કહીએ તો આ જગત્‌માં સૃષ્ટિનો સર્જનહાર, પાલનહાર અને સંહાર કરનાર એવો કોઈ ઇશ્વર સંભવતો નથી કે પ્રાણીઓને સુખ-દુઃખની ભેટ કરનારો કોઇ ઈશ્વર જણાતો નથી, પરંતુ જગતનું તંત્ર સ્વતંત્ર છે અને દરેક પ્રાણીને તેનાં સારાં ખોટાં કર્મોનો બદલો સ્વયં મળે છે. તેથી જે કોઇ આત્મા પોતાને લાગેલાં કર્મોની અશુદ્ધિ દૂર કરીને તેના શુદ્ધ સ્વરૂપને પ્રકટ કરે છે અને જ્ઞાન તથા આનંદમય-ચિદાનંદમય બને છે, તે જ ઈશ્વર છે, તે જ ભગવાન છે, તે જ પ્રભુ છે અને તે જ દેવ છે. અને તેવા જ ઇશ્વર, ભગવાન, પ્રભુ કે દેવનો સ્વીકાર કરવામાં મનુષ્ય જાતિનું કલ્યાણ છે, કારણ કે તેના વડે તેને જીવનનો એક એવો ઉચ્ચ આદર્શ પ્રાપ્ત થાય છે કે જેના અનુસરણ વડે તે અતિ ઉન્નત સ્થિતિને પ્રાપ્ત થઈ શકે છે.

## ૨૬. અવતારની કલ્પના અસંગત છે.

કેટલાક મનુષ્યો એમ માને છે કે ઈશ્વર નિરંજન નિરાકાર છે પરંતુ પૃથ્વી ઉપર અધર્મનો ભાર ખૂબ વધી જાય છે, ત્યારે અવતાર ધારણ કરે છે. તેણે શંખાસુરને મારવા માટે પહેલો અવતાર મચ્છનો લીધો. પછી કૈટભને મારવા માટે બીજો અવતાર કચ્છપ એટલે કાચબાનો લીધો. પછી દાનવને મારવા માટે ત્રીજો અવતાર ડુક્કરનો લીધો. પછી હિરણ્યકશ્યપનો નાશ કરવા માટે ચોથો અવતાર અર્ધ માનવ અને અર્ધ સિંહ એવા નરસિંહનો લીધો. પછી બલિરાજાનું માન મર્દન કરવા માટે પાંચમો અવતાર વામનનો લીધો. પછી સહસ્રા-

ર્જુનને ઠેકાણે પાડવા માટે છઠ્ઠો અવતાર પરશુરામનો લીધો. પછી રાવણને રોળવા માટે સાતમો અવતાર શ્રીરામનો લીધો. પછી જરાસંધને માટે આઠમો અવતાર કેશવ એટલે શ્રીકૃષ્ણનો લીધો. પછી મ્લેચ્છ લોકોમાં ધર્મનો પ્રચાર કરવા માટે નવમો અવતાર બૌદ્ધનો લીધો અને હવે દશમો અવતાર કલ્કીનો થશે કે જેની મા ચાંડાલણી તથા બાપ બ્રાહ્મણ હશે.

કેટલાક કહે છે કે 'ધર્મરૂપી આરાને-તીર્થને બાંધનારા અને પરમપદે પહોંચેલા જ્ઞાનીઓ પોતાના તીર્થની અવનતિ જોઇને ફરી પણ સંસારમાં અવતાર લે છે.'

પરંતુ તેઓ એ વિચાર કરતા નથી કે જે નિરંજન નિરાકાર એટલે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેનામાં કોઈપણ પ્રકારની વાસનાં, ઈચ્છા કે અભિલાષા હોતી જ નથી; કારણ કે તે બધા તો જડપુદ્ગલના ધર્મો છે. અને જો કોઈપણ પ્રકારની વાસના, ઇચ્છા કે અભિલાષા તેનામાં રહેલી હોય, તો તે શુદ્ધ ચૈતન્ય નથી. ત્યારે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ નિરંજન નિરાકાર ઇશ્વર ઇચ્છાના અભાવે કોઈપણ પ્રવૃત્તિ કરે જ કેમ ? અને કોઇપણ પ્રવૃત્તિ ન કરે તો પાછા સંસારમાં અવતાર લેવાની પ્રવૃત્તિ પણ શા માટે કરે ? વળી ઇશ્વર ચિદાનંદ સ્વરૂપ હોઇને લાગણીના તત્ત્વથી પણ પર હોય છે કે જે કર્મો વાસનાઓ કે સંસ્કારોને લીધે જ ઉદ્ભવે છે. તેથી આ જગત્‌ની ગમે તેવી સ્થિતિ જોવા છતાં તેને ક્ષોભ પામવાનું કાંઇ કારણ નથી એટલે અધર્મનો ભાર ઓછો કરવા **ઇશ્વર અવતાર લે છે, એમ માનવું અસંગત છે.** જેમ દૂધમાંથી ઘી થયા પછી ફરી તેનું દૂધ થતું નથી અથવા માટી વગેરેમાંથી શોધાઈને તૈયાર

થયેલું સોનું ફરીને માટી થતું નથી, તેમ એક વાર કર્મરૂપી મેલમાંથી સંપૂર્ણ મુક્ત થયેલો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા ફરીને કર્મથી લેપાતો નથી. જો બળેલાં બીજ ઊગી શકે તો જ એક વાર દગ્ધ થઇ ગયેલાં કર્મો ફરીને સંસારરૂપી અંકુરો ઉગાડી શકે. તાત્પર્ય કે–શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ઈશ્વર અવતાર ધારણ કરે એમ માનવું એ મિથ્યા છે.

ઇશ્વરને અવતાર લેતો માનવામાં એક મોટું નુકશાન એ છે કે તેનાથી મોક્ષમાર્ગની અસ્ખલિત આરાધનાને મોટો ફટકો પડે છે. તે આ રીતે કે–જો આત્માને એક વાર શુદ્ધ કર્યા પછી પણ ફરીથી કર્મો લાગવાનાં હોય તો એવી શુદ્ધિ કરવાનું કાંઈ પ્રયોજન રહેતું નથી. એ તો 'મૂઆ નહિ ને પાછા થયા' તેના જેવો જ ઘાટ થયો. એટલે શુદ્ધ ચૈતન્યને અવતાર લેતો કલ્પવું એ મહાઅનર્થકારી છે.

દશાવતારની કલ્પના ગમે તે કારણે ઊભી થઈ હોય અને તેને ગમે તે રીતે સમજાવવામાં આવતી હોય, પણ તેમાં અવતારોનું જે રીતે વર્ણન કરવામાં આવ્યું છે, તે કોઇ પણ રીતે ઈશ્વરના યથાર્થ સ્વરૂપને ઇનસાફ આપનારું નથી, એટલું જ નહિ પણ અતિ વિકૃતરૂપે રજૂ કરનારું છે. માછલા, કાચબા અને ડુક્કર જેવા પ્રાણીઓને ઇશ્વરી અવતાર કહેવામાં કઈ જાતનું ડહાપણ છે? વળી અર્ધા મનુષ્ય અને અર્ધા સિંહ એવા નૃસિંહમાં, ઠીંગુજીનું રૂપ ધારણ કરીને બલિરાજાને વચનથી છેતરનાર વામનજીમાં અને ક્રોધની સાક્ષાત્ મૂર્તિ તથા લાખોનો સંહાર કરનાર પરશુરામમાં કઈ જાતનો ઇશ્વરનો આદર્શ રજૂ કરવામાં આવ્યો છે? તે જ રીતે શ્રી રામ રાજા તરીકે ભલે

આદર્શ હોય પરંતુ યુદ્ધો જગાવવા, સીતાનો વિનાવાંકે ત્યાગ કરવો અને પાછા તેને શોધવા જવું તથા આંખમાંથી આંસુ પાડવા વગેરે અનેક બાબતો એવી છે કે જે તેમને આદર્શ દેવની કોટિમાં મૂકતાં અટકાવે છે. અને શ્રીકૃષ્ણનું સ્વરૂપ જે રીતે રજૂ કરવામાં આવ્યું છે, તે વાંચીને કે સાંભળીને આશ્ચર્ય સાથે ખેદ થયા વિના રહેતો નથી. જે કૃષ્ણ ઈશ્વરનો અવતાર મનાય તે દહીં-માખણ ચોરે, સ્ત્રીઓનાં વસ્ત્રોનું અપહરણ કરે અને તેમને નગ્ન જોવામાં આનંદ માને, સોળ હજાર રાણીઓ હોવા છતાં રાધા નામની એક ગોવાળણ પર પ્રેમ કરે અને તેનું સેવન કરે તથા અનેક વાર જૂઠું બોલે અને યુદ્ધમાં દૂતનું કામ કરે વગેરે સંખ્યાબંધ બાબતો એવી છે કે જે ઇશ્વરને તો શું પણ એક શિષ્ટ પુરુષને ય શોભે નહિ. જ્યારે બુદ્ધને ઇશ્વરી અવતાર ગણાવવામાં આવ્યા છે પણ તે સાથે જ તેમણે જે ધર્મનો પ્રચાર કર્યો તે મ્લેચ્છોને યોગ્ય હતો, એમ કહીને તેમની વિડંબના જ કરવામાં આવી છે. એટલે પુરાણકારો બુદ્ધને હૃદયથી ઇશ્વરી અવતાર માનતા હતા તેમ જણાતું નથી, પણ તેમને અવતારમાં સામેલ કરીને બૌદ્ધનું તેમના પ્રત્યેનું વલણ પલટવાનો પ્રયત્ન કરેલો હોય તેમ લાગે છે. વળી દશાવતારમાં બુદ્ધનો નવમા અવતાર તરીકે સમાવેશ કરવાનો અર્થ એ છે કે-દશાવતારની સમસ્ત કલ્પના બુદ્ધ અને મહાવીર પછી જ ઉઠેલી છે અથવા તેની પુનર્વ્યવસ્થા કરવામાં આવેલી છે. અને એ વાત તો દેખીતી જ છે કે બુદ્ધ અને મહાવીરના સતત ધર્મપ્રચાર પછી બ્રાહ્મણોનું વર્ચસ્વ મોટા ભાગે તૂટી ગયું અને લોકો ત્યાગમાર્ગને અનુસરનારા

ક્ષત્રિયપુત્રોને સન્માનવા તથા પૂજવા લાગ્યા એટલે પુરાણકારોએ ક્ષત્રિયપુત્રો એવા શ્રી રામ અને શ્રીકૃષ્ણને વધારે મહત્ત્વ આપ્યું અને તેમનો મહિમા જોરશોરથી ગાયો. ઇતિહાસ અને પુરાતત્ત્વ એ વાતની સાક્ષી પૂરે છે કે ભારતવર્ષમાં બુદ્ધ અને મહાવીરની પૂજા શરૂ થયા પછી તથા તેમનાં ભવ્ય ચૈત્યો નિર્માણ થયા પછી ઘણા વખતે રામ અને કૃષ્ણનાં મંદિરો બંધાયાં છે. હવે કલ્કીનું તો થાય તે ખરૂં ? એ જ્યારે જન્મ લેશે ત્યારે ખબર પડશે કે તેનાં માતાપિતા કોણ થાય છે અને તે શું કામો કરે છે! તાત્પર્ય કે દશાવતારમાં ઈશ્વરી અવતારનું સ્વરૂપ જે રીતે રજૂ કરવામાં આવ્યું છે, તે તત્ત્વથી કે સ્વરૂપથી ભાગ્યે જ કોઈ સુજ્ઞજનને ગ્રાહ્ય થાય તેવું છે.

તે જ સ્થિતિ ઇશ્વરના મુખ્ય ત્રણ રૂપો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સંબંધમાં છે. તેમના વિષે એવી એવી વાતો રજૂ કરવામાં આવી છે કે જે વાંચીને કે સાંભળીને આપણા મનમાં નિતાંત ખેદ જ થાય. તેનો એક નમૂનો પાઠકોની જાણ ખાતર અહીં રજૂ કરવામાં આવે છે.

## ૨૭. પુરાણોએ રજૂ કરેલી બ્રહ્માજીની વાત.

બ્રહ્માજી ગંગાના કિનારા પર રહીને હમેશાં ઘણો તપ–જપ કરે છે. વળી ગળામાં જનોઇ છે અને હાથમાં જપમાળા છે. તે મૂએલા ઢોરનું ચામડું ઓઢે છે તથા પાથરે છે અને ઇંદ્રિયો-નું દમન કરે છે. વળી ક્રોધ, કપટ, લોભ વગેરેનો ત્યાગ કરી હમેશાં ધ્યાન ધરીને બેસે છે. એ રીતે તપ કરતાં જ્યારે

સાડીત્રણ ચોકડી વખત નીકળી ગયો, ત્યારે ઈંદ્રનું આસન ચલાયમાન થવાથી તે વિચારવા લાગ્યો કે 'આનું કારણ શું હશે ?'

પોતાનું આસન ચલવાથી ઇંદ્રે બૃહસ્પતિને પૂછ્યું કે 'હે ગુરુજી ! આનું કારણ શું ? મારું આસન કેમ કંપે છે ?' ત્યારે બૃહસ્પતિએ કહ્યું કે–'બ્રહ્મા ઘણો આકરો તપ કરે છે અને આજથી અડધી ચોકડી વીત્યા બાદ તમારી પદવી લેશે.' તે સાંભળી ઈંદ્રે તેનો ઉપાય શોધી કાઢી અપ્સરાઓને બોલાવીને કહ્યું કે 'તમે જઇને બ્રહ્માને તપથી ચલાયમાન કરો કે જેથી આપણું રાજ નિશ્ચળ રહે.' તે સાંભળી અપ્સરાઓ કહેવા લાગી કે 'હે સ્વામી ! એ કામ અમારાથી બને તેવું નથી, કારણ કે તે બુઢ્ઢો ઋષિ ગુસ્સે થઇને અમને શાપ આપે તો અમે બળીને ભસ્મ થઈ જઇએ.'

તે સાંભળીને ઈંદ્રે કહ્યું: 'તો એમ કરો કે તમે દરેક જણ તમારા રૂપમાંથી તલ તલ જેટલું રૂપ આપો કે જેથી તિલોત્તમા નામની સર્વકળામાં પ્રવીણ એક અપ્સરા ઉત્પન્ન થશે અને તે આપણું કામ પાર પાડશે.' એટલે બધી અપ્સરાઓએ પોતાનું તલ તલ જેટલું રૂપ આપ્યું અને તેમાંથી તિલોત્તમા નામની એક અતિ મનોહર અપ્સરા ખડી થઇ ગઈ. આ અપ્સરાએ હાથ જોડીને ઇંદ્ર મહારાજને કહ્યું કે 'હે સ્વામી ! મને હુકમ ફરમાવો.' તે વખતે ઈંદ્રે કહ્યું કે 'તમે બ્રહ્મા પાસે જઇને એના તપનો નાશ કરો, કારણ કે અમને તેની ઘણી બીક છે.'

પછી તિલોત્તમા તે વાતનો સ્વીકાર કરીને નારદ તથા તુમરુ દેવતાને સાથે લઇને જ્યાં બ્રહ્માજી તપ કરતા હતા ત્યાં એકદમ આવી પહોંચી અને તેમની આગળ અંગવિક્ષેપપૂર્વક નવરસથી ભરપૂર નાટક કરવા લાગી.

બ્રહ્માજી જેમ જેમ એ અપ્સરાનું રૂપ જોતા ગયા, તેમ તેમ તેમનું ધ્યાન દૂર થતું ગયું અને છેવટે તેઓ ચલાયમાન થયા. એ જોઇને તિલોત્તમાએ ડાબે અંગે નાટક કરવા માંડયું અને તેમાં છ રાગ અને છત્રીશ રાગિણીઓનો એવો તાલ મેળવ્યો કે તેમાં જરા પણ ભંગાણ પડે નહિ. તે જોઈને બ્રહ્માજી ઘણો મોહ પામ્યા થકા વિચારવા લાગ્યા કે હું સઘળા ઋષિઓમાં મોટો છું, તો મારું મુખ ફેરવીને આ અપ્સરા સામું કેમ જોઉં ? તેથી મારી એક ચોકડીના તપના ફળરૂપે મારું એક બીજું મોઢું ડાબે પડખે થાય તો ઠીક, એમ વિચારવાથી તેમને ડાબા પડખે બીજું મુખ થયું અને તેના વડે તિલોત્તમાનું રૂપ જોઈ તે અત્યંત ખુશી થયા.

તિલોત્તમા પણ સમજી ગઈ કે બ્રહ્માજીને પોતાની રઢ લાગી છે, એટલે તેણે ડાબા પડખાને બદલે પછવાડે જઈને નાટક કરવા માંડયું અને સા–રી–ગ–મ–પ–ધ–ની ના સાતે સ્વરો અદ્‌ભૂત મિશ્રણપૂર્વક લલકાર્યા. ત્યારે બ્રહ્માને ફરી વિચાર થયો કે આ તિલોત્તમાનું રૂપ જોવાને માટે બીજી ચોકડીના ફળરૂપે મને એક ત્રીજું મુખ પછવાડે થાય તો ઠીક અને તે જ સમયે તેમને પછવાડે મુખ થયું. એ મુખવડે તેઓ તિલોત્તમાની અદ્‌ભુત રૂપ–છટા જોઇને આનંદ પામવા લાગ્યા.

હવે તિલોત્તમાએ આ તાલ જોઇને બ્રહ્માજીની જમણી બાજુ નાટક કરવા માંડયું એટલે બ્રહ્માજી ફરી વિચાર કરવા લાગ્યા કે આ તિલોત્તમાને બરાબર જોઈ શકું તે માટે ત્રીજી ચોકડીના તપના ફળરૂપે મને જમણી બાજુ મોઢું થાય તો ઠીક અને તે રીતે તેમની જમણી બાજુ પણ મોઢું થયું. એ રીતે બ્રહ્માજી ચાર મુખવાળા થયા.

પરંતુ તિલોત્તમા માથાની હતી. તેણે જોયું કે બ્રહ્માજીએ પોતાનું રૂપ જોવાને માટે ચારે દિશામાં મુખ કર્યા છે, તેથી તે આકાશમાં અધર રહીને નવરસ ભરપૂર નાટક કરવા લાગી. તે વખતે બ્રહ્માજીએ વિચાર્યું કે જો હું માથું ઊંચું કરીને આકાશમાં જોઇશ, તો મારી હાંસી થશે, માટે અરધી ચોકડીના તપના બળે મારું આકાશ ભણી પણ મોઢું થાઓ. એટલે તેમને તરત જ ઉપરના ભાગે ગધેડાનું મોઢું ઉત્પન્ન થયું અને તેના વડે તેમણે ભૂંકવા માંડયું.

આ દશ્ય જોઇને તિલોત્તમા ઇંદ્ર પાસે ગઈ અને કહેવા લાગી કે ‘ હે સ્વામી ! બ્રહ્માએ સાડા ત્રણ ચોકડી સુધી અત્યંત કષ્ટ સહન કરીને જે તપ કર્યું હતું, તે બધું ખલાસ થયું છે. તેણે મને જોવાને બીજાં ત્રણ મુખો કર્યાં છે અને વધારામાં એક મોઢું ગધેડાનું પણ કર્યું છે કે જેણે ભૂંકવા માંડયું છે.’

આ સાંભળીને બધા દેવો આશ્ચર્ય પામીને બ્રહ્માજીને જોવા ગયા અને તેમનું આવું વિચિત્ર સ્વરૂપ જોઇને ખડખડ હસવા લાગ્યા. તેથી બ્રહ્માજીને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો અને તેઓ ભૂંકતાં ભૂંકતાં એ દેવોને મારવા દોડ્યા. એટલે દેવો

નાઠા અને દેવલોકમાં ભરાઈ ગયાં. ત્યાં તે સર્વેને ભય પેઠો કે બ્રહ્માજી હવે શું કરશે ? આ આપણને બધાને મારી નાખશે કે ખાઈ જશે કે શું કરશે ?

આ રીતે ભય પામવાથી સઘળા દેવો મહાદેવના શરણે ગયા અને કહેવા લાગ્યા કે 'હે દેવ ! અમોને બ્રહ્માજી બહુ દુઃખ આપે છે, માટે અમને તે દુઃખમાંથી બચાવો.' તેમની એ વિનંતિનો સ્વીકાર કરીને મહાદેવે પોતાનું ભયાનક રૂપ પ્રકટ કર્યું અને બ્રહ્માજીનું ગધેડાનું માથું પોતાના નખ વડે છુંદી નાખ્યું તેથી બ્રહ્માજી ખિન્ન થયા છતાં કહેવા લાગ્યા કે–

હત હત્યારા પાપીઆ, તુજને ભૂંડી ટેવ;
મસ્તક મારું તોડિયું, હત્યા ચડ તુંજ હેવ.

હે પાપી ! હે હત્યારા ! તને ઘણી ભૂંડી ટેવ છે, માટે તને ધિક્કાર હજો. તેં મારું મસ્તક તોડી નાખ્યું છે, તે હત્યાનું પાપ તને તરત જ લાગજો. વળી મારું જે ગધેડાનું માથું છે, તે તારા હાથમાં ચોટજો કે જેથી કરીને તું આવું કાળું કામ ફરીને કોઈ વાર કરે નહિ.

તે શાપથી મહાદેવનું રૂપ કાળું થઈ ગયું અને તેમના હાથમાં ગધેડાનું માથું ચોટી ગયું એટલે તેઓ હાથ જોડીને તથા પગે પડીને બ્રહ્માજીને કહેવા લાગ્યા કે 'મારો અપરાધ માફ કરો અને આ ગધેડાનું માથું નાશ પામે તેવો કોઈ ઉપાય બતાવો.'

મહાદેવનાં આવાં સભ્યતાભરેલાં વચનો સાંભળીને બ્રહ્માજી પ્રસન્ન થયા થકા કહેવા લાગ્યા કે 'હું કહું તે પ્રમાણે તમે

વર્તજો એટલે તમારા પરથી મારી હત્યા ઉતરી જશે. હવેથી તમારે માથે જટા રાખવી તથા મસાણની રાખ અંગે ચોળવી. વળી ઘણાં હાડકાં વગેરેથી માણસોની ખોપરીઓ ગુંથીને તેનો હાર કરીને ડોકમાં પહેરવો તથા હાથમાં ડાકલું અને ખંજરી લઇ વગાડતાં રહેવું; તેમ ભાંગ અને ધતૂરો ઘણો ચડાવવો અને ગામોગામ રખડીને ભીખ માગવી. તે સાથે તમારે કોઈ જાતનો ભેદ રાખવો નહિ અને જે કાંઈ ભિક્ષા મળે તે ખપ્પરમાં લઈને રાત્રિદિવસ ખાવી. જો તમે આ રીતે રહેશો તો તમારા માથા પરથી મારી હત્યાનું પાપ દૂર થશે અને જ્યારે તમારા ખપ્પરમાં કોઈ લોહી નાખશે, ત્યારે તમારા હાથને વળગેલું ગધેડાનું માથું દૂર થઇ જશે.'

બ્રહ્માનાં આ પ્રકારનાં વચનો સાંભળીને મહાદેવે જોગીનું રૂપ ધારણ કર્યું અને તેઓ ગામેગામ ફરવા લાગ્યા. ત્યાં એક ચાંડાલને ઘેર ગયા ત્યારે તેમનું ખપ્પર લોહીથી ભરાયું એટલે ગધેડાનું માથું ઉખડી ગયું અને તેમની હત્યા દૂર થઈ. ત્યારથી તેઓ કાપાલિક તરીકે પ્રસિદ્ધ થયા.

આ બાજુ બ્રહ્માજીની સ્થિતિ વિચિત્ર થઈ પડી. તેઓ તિલોત્તમાને જોવા માટે બાવરા બનીને બધે ભમવા લાગ્યા, ત્યાં સર્વત્ર તેમને સ્ત્રીનાં રૂપો જ દેખાવાં લાગ્યાં. એથી જે કોઈને જુએ તેને ભેટવા દોડે અને કોઇ વાર તો ઝાડના થડોને પણ સ્ત્રીની ભ્રમણાથી આલિંગન ભરે. એથી હરણ વગેરે જાનવરો પણ તેમને જોઇને નાસવા લાગ્યા. એવામાં એક રીંછડી તેમના સપાટામાં આવી ગઈ, તેથી બ્રહ્માજી તેને જોરથી આલિંગન દેવા લાગ્યા. પછી બ્રહ્માજીએ તે રીંછડીની સાથે ભોગ

ભોગવ્યો અને તે રીંછડી ઋતુવતી હોવાથી તેને ગર્ભ રહ્યો, જે કાલાંતરે પુત્રરૂપે જન્મતાં જંબુવંત નામે પ્રસિદ્ધ થયો.'

બીજી એક કથા પ્રમાણે બ્રહ્માજી પોતાની પુત્રી સરસ્વતીને જોઈને કામાતુર થયા હતા અને તેની સાથે ભોગ ભોગવ્યો હતો.

મહાદેવના લંપટપણાની પણ અનેક વાતો પુરાણોમાં વર્ણવી છે. ઇંદ્ર, ચંદ્ર, સૂર્ય અને યમ પણ તેમાંથી બચેલા નથી.

હવે સુજ્ઞ પાઠકોએ તટસ્થતાથી વિચારવાનું એટલું જ છે કે આમાં કયા પ્રકારનું ઇશ્વરત્વ રહેલું છે? જે સાડાત્રણ ચોકડી જેટલા સમય સુધી તપ કર્યા પછી અપ્સરાથી લોભાય અને તેને જોવાને માટે ચાર મોઢાં ઉત્પન્ન કરે તથા બીજા દેવો મશ્કરી કરે એટલે તેને મારવા દોડે, મહાદેવ વડે તેમનું માથું છેદાઇ જાય, તે શાપ આપે અને કામાતુર થઇને રીંછડી જોડે વ્યભિચાર કરે, તેમાં આદર્શ કયો અને સિદ્ધાંત શું? એટલે આ જાતનાં જે વર્ણનો પુરાણોમાં આપેલાં છે, તે ઈશ્વરની પૂરેપૂરી નાલેશી કરનારાં છે અને ઇશ્વરના સ્વરૂપને તદ્દન વિકૃત સ્વરૂપમાં રજૂ કરનારાં છે, જેથી વિશ્વસનીય કે શ્રદ્ધેય નથી.

## ૨૮. આદર્શ દેવ.

ઇશ્વર, પરમેશ્વર, ભગવાન કે દેવને ગમે તે નામથી ઓળખવામાં આવે તેનો ખાસ વાંધો નથી, કારણ કે નામ તો એક પ્રકારની સંજ્ઞા છે, પરંતુ મહત્ત્વની વાત એ તેનું સ્વરૂપ છે અને તે આદર્શ જ હોવું જોઇએ. જો એ સ્વરૂપ આદર્શ ન

હોય તો તેનું સ્મરણ, વંદન, સ્તવન, પૂજન, ધ્યાન કે આરાધન કરવાથી કાંઈ લાભ નથી.

નિર્ગ્રંથ મહર્ષિઓએ આદર્શ દેવનું સ્વરૂપ નીચે પ્રમાણે રજૂ કર્યું છે, જે સુજ્ઞજનોએ બરાબર વિચારવા યોગ્ય છે.

" सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥ "

" સર્વજ્ઞ,[1] રાગાદિ દોષોને જિતનાર,[2] ત્રૈલોક્યપૂજિત[3] અને સત્ય તત્ત્વના પ્રકાશક[4] એવા અરિહંત દેવ તે જ પરમેશ્વર છે. "

( ૧ ) સર્વજ્ઞ એટલે સર્વ જાણનાર. સર્વ શબ્દથી અહીં દ્રવ્ય અને પર્યાયરૂપ સમસ્ત લોકાલોકની સર્વ કાલ વિષયક સ્થિતિ સમજવાની છે. વધારે સ્પષ્ટ કહીએ તો સર્વ વસ્તુઓના સમૂહનું એક નામ વિશ્વ, બ્રહ્માંડ, જગત્, દુનિયા કે લોક છે અને તે ( ૧ ) જીવ કે ચૈતન્ય, ( ૨ ) પુદ્ગલ કે જડ અણુ-પરમાણુઓ, ( ૩ ) ધર્મ કે ગતિવાહક દ્રવ્ય ( ૪ ) અધર્મ કે સ્થિતિવાહક દ્રવ્ય ( ૫ ) આકાશ કે ક્ષેત્ર અને ( ૬ ) કાલ કે સમય-એ છ દ્રવ્યોથી વ્યવસ્થિત થયેલું છે. આ દ્રવ્યોમાં કોઇ પણ જાતનો વધારો કે ઘટાડો થતો નથી એટલે કે તે સનાતન છે, પરંતુ તેના સ્વરૂપમાં પરિવર્તન થયા કરે છે, જેને પરિણામ કે પર્યાય કહેવામાં આવે છે. જેમકે સોનાની કંઠીમાં સોનું એ દ્રવ્ય છે અને તેનો કંઠીરૂપ પરિણામવિશેષ તે પર્યાય છે. આ કંઠી ભાંગીને કુંડલ કરવામાં આવે તો તેમાં દ્રવ્ય એટલે સોનું કાયમ રહે છે અને તેનો પરિણામ કે પર્યાય

બદલાય છે. તે જ રીતે જગત્‌ના મૂળભૂત છ દ્રવ્યો અને તેના પર્યાય વિષે સમજવાનું છે. આવા દ્રવ્ય અને પર્યાયરૂપ સમસ્ત લોકની તેમજ અલોકની સર્વ કાલ વિષયક એટલે ભૂત, વર્તમાન અને ભવિષ્ય વિષયક બધી સ્થિતિ બરાબર જાણે તે સર્વજ્ઞ કહેવાય છે.

જાણવું તે આત્માનો સ્વભાવ છે. જડ પુદ્‌ગલોની વર્ગણા જે કર્મરૂપે પરિણમેલી હોય છે તે એમાં અંતરાય કરે છે, તેથી આત્માને ઓછું-વત્તું જણાય છે. પરંતુ જ્યારે જ્ઞાનનું આવરણ કરનારી એ કર્મવર્ગણાઓ પૂરેપૂરી દૂર થઈ જાય છે ત્યારે આત્માની જાણવાની શક્તિ પૂર્ણરૂપે પ્રકટ થાય છે અને તેથી તે બધું બરાબર જાણી શકે છે. આ પ્રકારનું જ્ઞાન અસ્ખલિત તેમજ સર્વ પદાર્થોને યથાર્થરૂપે જાણનારું હોઇ તેને કેવલજ્ઞાન કહેવામાં આવે છે.×

લૌકિક મતમાં એમ કહેવાય છે કે વિનાયકનું મસ્તક ઇશ્વરે એટલે મહાદેવજીએ છેદી નાખ્યું, પછી પાર્વતીના આગ્રહથી સર્વત્ર જોવા લાગ્યા; પરંતુ કોઇ જગ્યાએ મસ્તક દેખાયું નહિ, તેથી હાથીનું મસ્તક કાપીને વિનાયકના મસ્તક પર ચોડી દીધું, તેથી વિનાયક ગજાનન (હાથીના મોઢાવાળા) તરીકે પ્રસિદ્ધ થયા. અહીં વિચારવાનું એ છે કે-જો મહાદેવજી સર્વજ્ઞ હોય તો 'આ પાર્વતીનો પુત્ર વિનાયક છે એ કેમ જાણે નહિ ?' છતાં તેમણે જાણ્યું નહિ અને મસ્તક છેદી

× જ્ઞાનની અતિ વિશદ ચર્ચા જોવા ઇચ્છનારે વિશેષાવશ્યક ભાષ્ય તથા નંદીસૂત્રની ટીકા જોવી.

નાખ્યું. વળી તે સર્વજ્ઞ હોય તો આ લોકના કોઇ પણ ભાગમાં રહેલા મસ્તકને તે કેમ જાણી શકે નહિ ? છતાં તેમણે તે જાણ્યું નહિ એટલે હાથીનું માથું કાપીને વિનાયકના ધડ પર ચોડી દીધું. આ રીતે જેમનું જ્ઞાન અધૂરું હોય અને સર્વ સરખી રીતે જાણી શકે નહિ તે સર્વજ્ઞ કહેવાય નહિ.

(૨) રાગાદિ દોષોને જિતનાર એટલે રાગ, દ્વેષ તથા તેવા જ બીજા દોષો કે જે આત્માના મૂળ સ્વરૂપનું આચ્છાદન કરે છે, તેને દૂર કરનાર. રાગ એટલે આસક્તિ. દ્વેષ એટલે તિરસ્કાર. આસક્તિને લીધે 'લોભ' અને 'માયા'(કપટ)ની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે, જ્યારે તિરસ્કારને લીધે 'ક્રોધ' તથા 'માન'નો આવિર્ભાવ થાય છે. એટલે જેઓ રાગ અને દ્વેષ ઉપર કાબૂ મેળવે છે તેમનામાં કોઇ પણ પ્રકારનો લોભ હોતો નથી પણ પૂર્ણ સંતોષ હોય છે; કોઈ પણ પ્રકારની માયા હોતી નથી પણ પૂર્ણ સરલતા હોય છે; કોઈ પણ પ્રકારનો ક્રોધ હોતો નથી, પણ પૂર્ણ ક્ષમા હોય છે અને કોઈ પણ પ્રકારનું માન હોતું નથી પણ પૂર્ણ નમ્રતા હોય છે.

બીજા દોષોમાં હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને કામવાસના સમજવાની છે. હાસ્ય ત્યારે જ આવે છે કે જ્યારે કોઈ પણ પ્રકારની કુતૂહલવૃત્તિ અંતરમાં રહેલી હોય. તેનો અભાવ થતાં **પૂર્ણ ગંભીરતા** પ્રકટે છે. રતિ એટલે હર્ષ, અરતિ એટલે વિષાદ. હર્ષ અને વિષાદ તેને જ થાય છે કે જે અજ્ઞાની હોય અથવા મોહગ્રસ્ત હોય. તેના અભાવથી **પૂર્ણ સમતા** પ્રકટે છે. ભય એટલે ડર કે બીક તે તેને જ

હોય છે કે જે કોઇ પણ પ્રકારે હિંસાનું આચરણ કરતો હોય છે. તેનો અભાવ થવાથી **પૂર્ણ નિર્ભયતા** પ્રકટે છે. શોક એટલે સંતાપ કે દિલગીરી તે મોહ કે આસક્તિને લીધે ઉત્પન્ન થાય છે. તેનો અભાવ થવાથી **પૂર્ણ આનંદ** પ્રકટે છે. જુગુપ્સા એટલે ઘૃણા કે નાપસંદગી તે દ્વેષની મુખ્યતાને લીધે જ ઉત્પન્ન થાય છે. તેનો અભાવ થવાથી **પૂર્ણ પ્રસન્નતા** પ્રકટે છે. કામવાસના એક પ્રકારની પૌદ્ગલિક આસક્તિને લીધે ઉત્પન્ન થાય છે. તેનો અભાવ થવાથી **પૂર્ણ પવિત્રતા** પ્રકટ થાય છે.

આ રીતે 'રાગાદિ દોષોને જિતનાર' વિશેષણનું તાત્પર્ય એ છે કે–આદર્શ દેવમાં પૂર્ણ સંતોષ, પૂર્ણ સરલતા, પૂર્ણ ક્ષમા, પૂર્ણ નમ્રતા, પૂર્ણ ગંભીરતા, પૂર્ણ સમતા, પૂર્ણ નિર્ભયતા, પૂર્ણ આનંદ, પૂર્ણ પ્રસન્નતા અને પૂર્ણ પવિત્રતા હોય છે.

( ૩ ) ત્રૈલોક્યપૂજિત એટલે ત્રણ લોકના અગ્રેસરોવડે ભક્તિપૂર્વક પૂજાએલા. લોક એક જ છે, પણ ક્ષેત્રની અપેક્ષાએ તેના ઊર્ધ્વ, મધ્ય અને અધઃ એવા ત્રણ વિભાગો પડે છે. આ ત્રણ વિભાગમાં અનુક્રમે દેવ, નર અને અસુરોની મુખ્યતા હોય છે. તેથી તેના અગ્રેસરો દેવેન્દ્ર, નરેન્દ્ર તથા અસુરેન્દ્રો કહેવાય છે. આ દેવેન્દ્રો, નરેન્દ્રો અને અસુરેન્દ્રો ભક્તિપૂર્વક એટલે અંતરના ઉમળકાથી–સાચી સન્માનવૃત્તિથી જેમનું વંદન, નમસ્કાર કે પૂજન કરે છે તે ત્રૈલોક્યપૂજિત કહેવાય છે. તાત્પર્ય કે તેમના પ્રત્યે સર્વ કોઇને પૂજ્યબુદ્ધિ પ્રકટે છે.

( ૪ ) યથાસ્થિતાર્થવાદીનો અર્થ સત્ય તત્ત્વના પ્રરૂપક થાય છે. તે આ રીતેઃ યથાસ્થિત એટલે હોય તેવું કે સત્ય.

અર્થ એટલે તત્ત્વ. વાદી એટલે વદનાર, કહેનાર કે પ્રરૂપણા કરનાર. તાત્પર્ય કે-જેઓ માનવજાતિને જગત્ અને જીવનનાં સાચાં રહસ્યરૂપ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ નવ તત્ત્વોને યથાર્થ રીતે સમજાવે છે તે યથાસ્થિતાર્થવાદી કે સત્ય તત્ત્વના પ્રરૂપક કહેવાય છે. જીવ એટલે ચૈતન્ય. અજીવ એટલે જડ. પુણ્ય એટલે સુખનો હેતુ. પાપ એટલે દુઃખનો હેતુ. આશ્રવ એટલે કર્મોનું આત્મા ભણી આવવું. બંધ એટલે કર્મોનું આત્મપ્રદેશો સાથે તદ્રૂપ થવું. સંવર એટલે આવતાં કર્મોનું રોકાણ. નિર્જરા એટલે લાગેલાં કર્મોને ખેરવી નાખવાની ક્રિયા અને મોક્ષ એટલે કર્મબંધનમાંથી આત્માની સંપૂર્ણ મુક્તિ.

આ રીતે જેઓ **સર્વજ્ઞ** હોય છે, રાગાદિ દોષોને જિતવાવડે **જિન, વીતરાગ** કે **પૂર્ણ પવિત્ર** હોય છે, ત્રણ લોકના સ્વામીઓવડે પૂજાવાને લીધે **જગત્પૂજ્ય** બનેલા હોય છે અને સત્ય તત્ત્વના ઉપદેશ વડે ધર્મરૂપી તીર્થની સ્થાપના કરનારા હોય છે તેવા **તીર્થંકર** ભગવાનને '**અર્હત્**' કહેવામાં આવે છે કે જેઓ આદર્શ દેવ કે પરમેશ્વરના નામને પૂરેપૂરા યોગ્ય છે. તેથી જેઓ ભયાનક ભવસમુદ્રનો પાર પામવા ઇચ્છતા હોય તેમણે સ્મરણ કે સ્તવન, પ્રણામ કે પૂજન અથવા ઉપાસન કે આરાધન આવા અર્હંતોનું જ કરવું જોઇએ.

## ૨૮. આદર્શ દેવનાં નામો

જેમ દરેક વસ્તુનો વિચાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપ વડે કરવાથી તેના સ્વરૂપનો વિશદ બોધ

થાય છે, તેમ અર્હત્ કે જિનનો વિચાર પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે કરવાથી તેના સ્વરૂપનો વિશદ બોધ થાય છે.

કાલ અનંત હોવાથી અર્હંતો અનંત થઈ ગયા છે અને અનંત થશે પરંતુ તેની વ્યવહારિક ગણના ઉત્સર્પિણી અને અવસર્પિણીની મુખ્યતા વડે થાય છે તથા ક્ષેત્રની અપેક્ષાએ નિજક્ષેત્રમાં થયેલા અર્હંતો આસન્નોપકારી હોવાથી તેમની ગણના પ્રથમ કરવામાં આવે છે. આ રીતે આ ઉત્સર્પિણી કાલમાં ભરતક્ષેત્રમાં થઈ ગયેલા અર્હંતોની સંખ્યા ચોવીશ છે. તેમનાં નામો આ રીતે જાણવા.

| | | |
|---|---|---|
| (૧) શ્રી ઋષભદેવ. | (૯) શ્રી સુવિધિનાથ | (૧૭) શ્રી કુંથુનાથ |
| (૨) શ્રી અજિતનાથ. | (૧૦) શ્રી શીતળનાથ | (૧૮) શ્રી અરનાથ. |
| (૩) શ્રી સંભવનાથ. | (૧૧) શ્રી શ્રેયાંસનાથ | (૧૯) શ્રી મલ્લિનાથ |
| (૪) શ્રી અભિનંદન | (૧૨) શ્રી વાસુપૂજ્ય | (૨૦) શ્રી મુનિસુવ્રત |
| (૫) શ્રી સુમતિનાથ | (૧૩) શ્રી વિમલનાથ | (૨૧) શ્રી નમિનાથ |
| (૬) શ્રી પદ્મપ્રભ. | (૧૪) શ્રી અનંતનાથ | (૨૨) શ્રી અરિષ્ટનેમિ |
| (૭) શ્રી સુપાર્શ્વનાથ | (૧૫) શ્રી ધર્મનાથ | (૨૩) શ્રી પાર્શ્વનાથ |
| (૮) શ્રી ચંદ્રપ્રભ. | (૧૬) શ્રી શાંતિનાથ | (૨૪) શ્રી મહાવીરસ્વા. |

## ૩૦. આદર્શ દેવની સ્થાપના.

સ્થાપના એટલે પ્રતિકૃતિ, પ્રતિમા, બિંબ કે મૂર્તિ. અર્હંતોની ગેરહાજરીમાં તેમની ઉપાસના કે આરાધના યથાર્થ રીતે થાય તે માટે તેનું નિર્માણ કરવામાં આવે છે. અર્હંતો-ની મૂર્તિ બેઠેલી કે ઊભી હોય છે, પરંતુ એ ઉભય અવ-

સ્થામાં તે ધ્યાનમુદ્રામાં હોય છે અને તેમના મુખ પર પૂર્ણ પ્રસન્નતા કે પ્રશમરસ ભરેલો હોય છે. એને જોતાં જ આપણી સમક્ષ ધ્યાન અને સમાધિનો ઉત્કૃષ્ટ આદર્શ ખડો થાય છે કે જેનું અવંધ્ય ફલ પરમાનંદની પ્રાપ્તિ છે.

અન્ય દેવોની મૂર્તિ જુઓ અને આ મૂર્તિ જુઓ એટલે તમને એની વિશેષતાનું સ્પષ્ટ ભાન થશે. એક પરમ તત્ત્વજ્ઞ નિર્ગ્રંથ મહર્ષિએ ઠીક જ કહ્યું છે કેઃ—

ये स्त्रीशस्त्राक्षसूत्रादिरागाद्यंककलंकिताः ।
निग्रहानुग्रहपरास्ते देवाः स्युर्न मुक्तये ॥ १ ॥
नाट्याट्टहाससंगीताद्युपप्लवविसंस्थूलाः ।
लम्भयेयुः पदं शान्तं प्रपन्नान् प्राणिनः कथम् ? ॥ २ ॥

જે દેવોની પાસે સ્ત્રી હોય, જેમણે ચક્ર, ગદા, ત્રિશૂળ વગેરે શસ્ત્રો ધારણ કરેલાં હોય, જેણે હાથમાં માળા વગેરે લીધેલાં હોય તેમને રાગાદિ દોષોથી કલંકિત થયેલા તથા નિગ્રહ અને અનુગ્રહમાં તત્પર જાણવા. તેવા દેવોથી મુક્તિ મળી શકતી નથી.

વળી જેઓ નાટ્ય, અટ્ટહાસ્ય, સંગીત વગેરે સાંસારિક ચેષ્ટાઓમાં મગ્ન બનેલા છે, તેઓ પોતાના આશ્રિત સેવકોને કેવી રીતે શાંતિપદ એટલે મોક્ષ આપી શકે? અર્થાત્ ન જ આપી શકે.

## ૩૧. આદર્શ દેવનું દ્રવ્ય અને ભાવ સ્મરણ.

જે આત્માઓએ અર્હત્ થવાની યોગ્યતા પ્રાપ્ત કરી છે, પણ હજી સુધી અર્હત્પદ મેળવ્યું નથી તેઓ 'દ્રવ્ય અર્હત્'

કહેવાય છે અને જે આત્માઓએ અર્હત્પદ મેળવ્યું છે, તેઓ 'ભાવ અર્હત્' કહેવાય છે.

શ્રી ઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકરો આવા ભાવ-અર્હત્ છે, તેથી તેમને સુદેવ માનવા અને તેમના પર અનન્ય શ્રદ્ધા રાખીને તેમનું સ્મરણ, વંદન, સ્તવન, પૂજન, ધ્યાન તથા આરાધન કરવું એ સાચી દેવોપાસના છે, સાચી ઈશ્વર-ભક્તિ છે કે સકલ કર્મબંધનનો નાશ કરીને અનંત અક્ષય અવ્યાબાધ મુક્તિસુખને આપે છે.

ભાવ અર્હંતોની ભક્તિ ખરા ભાવથી કરવાની છે. તે માટે કવિવર સિદ્ધસેનસૂરિએ કલ્યાણમંદિર સ્તોત્રમાં ઉચ્ચારેલા નીચેના શબ્દો પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છેઃ—

" आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या।
जातोऽस्मि तेन जनबांधव ! दुःखपात्रं,
यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ॥"

'હે જનહિતકારી ! મેં (સંસારનાં અનંત પરિભ્રમણ દરમિયાન કોઈક વાર) આપને સાંભળ્યા પણ હશે, પૂજ્યા પણ હશે તથા દીઠ્યા પણ હશે, પરંતુ ખરેખરી ભક્તિથી ચિત્તમાં ધારણ કરેલા નથી; કારણ કે જો ખરેખરી ભક્તિથી આપને ચિત્તમાં ધારણ કર્યા હોત તો હું આ ભવમાં જે રીતે દુઃખનું પાત્ર બનેલો છું, તે કેમ બનત ? અર્થાત્ ન જ બનત. એટલે ભાવશૂન્ય ક્રિયાઓ ફલ આપતી નથી, એ વાત નિશ્ચિત છે.

વળી તેમણે કહેલા નિમ્ન શબ્દો પણ હૃદયમાં કોતરી રાખવા જેવા છે:

" धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसंध्य–
मारधयन्ति विधिवद्विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः,
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥ "

'હે ત્રિભુવન નાથ ! હે વિભુ ! તે જ મનુષ્યોને ધન્ય છે કે જે બીજા કાર્યો છોડીને ભક્તિએ કરી ઉલ્લાસ પામતા એવા રોમાંચોથી પોતાના શરીરના ભાગ વ્યાપ્ત કરી આપના ચરણકમલને વિધિપૂર્વક ત્રણ કાલ આરાધે છે–સેવે છે.

આશા છે કે–સુજ્ઞ પાઠકો સુદેવમાં જ શ્રદ્ધાવંત થશે અને તેની ભાવભક્તિ વડે ભવસાગરને તરી જવાનો ઉદ્યમ કરશે. इति शम्

# એક અણમોલ તક

## માનવજીવનના મહાપ્રશ્નોનો આબાદ ઉકેલ કરતી,
## જગત્ અને જીવનને જોવાની સાચી દૃષ્ટિ રજૂ કરતી,
## સુખ, શાંતિ અને સામર્થ્યપ્રાપ્તિનો સાચો રાહ બતાવતી,
## જૈનધર્મની પરમપવિત્ર વિચારધારાઓને

# 'ધર્મબોધ-ગ્રંથમાળા'

નવીન ઢંગે, નૂતન રૂપે, સુંદર શૈલીમાં, રોચક ભાષામાં તમારી સમક્ષ રજૂ થાય છે.

૧ આ ગ્રંથમાળા સિદ્ધહસ્ત લેખકોના હાથે, પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી 'ધર્મવિજયજી મહારાજ' તથા 'મુનિશ્રી યશોવિજયજી મહારાજ' વગેરેની સીધી રાહબરી નીચે તૈયાર થાય છે.

૨ ક્રાઉન સોળ પેજી ૮૦ પાનાં, સુંદર ટાઈપ, સારા કાગળ અને સુઘડ પુંઠાઓમાં તેનું દરેક પુસ્તક તૈયાર થશે.

૩ આ ગ્રંથમાળામાં હાલ નીચેના ૨૦ પુસ્તકો પ્રગટ થશે ને સવાથી દોઢ વર્ષના ગાળામાં પાંચ પાંચના ચાર ગુચ્છમાં બહાર પડશે.

૪ દરેક પુસ્તકની છૂટક કિંમત દસ આના રહેશે, જ્યારે પૂરા સેટની કિંમત અગિયાર રૂપિયા રહેશે.

## પુસ્તકોનાં નામ

૧ ત્રણ મહાન તકો
૨ સફળતાની સીડી [ પુરુષાર્થ ]
૩ સાચું અને ખોટું [ સ્યાદ્વાદ ]
૪ આદર્શ દેવ [ સુદેવ ]
૫ ગુરુદર્શન [ સુગુરુ ]
૬ ધર્મામૃત [ સુધર્મ ]
૭ શ્રદ્ધા અને શક્તિ
૮ જ્ઞાનોપાસના
૯ ચારિત્ર વિચાર
૧૦ દેતાં શીખો [ દાન ]
૧૧ શીલ અને સૌભાગ્ય [ શીલ ]
૧૨ તપનાં તેજ [ તપ ]
૧૩ ભાવનાસૃષ્ટિ [ ભાવ ]
૧૪ પાપનો પ્રવાહ [ ૧૮ પાપસ્થાનક ]
૧૫ બે ઘડી યોગ [ સામાયિક ]
૧૬ મનનું મારણ [ ધ્યાન ]
૧૭ પ્રાર્થના અને પૂજા [ આવશ્યક ક્રિયા ]
૧૮ ભક્ષ્યાભક્ષ્ય
૧૯ જીવનવ્યવહાર
૨૦ દિનચર્યા

## આ ગ્રંથમાળાનું લવાજમ નીચેનાં ઠેકાણે ભરી શકાશે,

(૧) **શા. લાભચંદ નંદલાલ**, ઠે. રાવપુરા, ઘી કાંટા, વડફળીઆ-**વડોદરા.**

(૨) **મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**, ઠે. ગુલાલવાડી, કીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલ નં. ૧ **મુંબઈ.**

(૩) **સરસ્વતી પુસ્તક ભંડાર**, ઠે. રતનપોળ, હાથીખાના-**અમદાવાદ.**

**તા. ક:**-દરેક જૈન કુટુંબમાં આ પુસ્તકો હોવાં જ જોઇએ. અન્ય ધર્મીઓને જૈન ધર્મના સિદ્ધાંતોથી વાકેફ થવા માટે પણ આ પુસ્તકો અતિ ઉપયોગી હશે.